પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૨૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૦૧-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોદી સાથે વાતચીત કરવા માટે આતુર શાહબાઝ શરીફ

## તમારા ભારત સાથે સારા સંબંધો, કોઈ પણ રીતે ભારતને ચર્ચા કરવા માટે મનાવો : UAEના રાષ્ટ્રપતિને શરીફે અપીલ કરી

ઈસ્લામાબાદ,

શાહબાઝ શરીફે ગયા અઠવાડિયે સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાનને અપીલ કરી હતી કે તે ભારતને પાકિસ્તાન સાથે વાતચીત માટે તૈયાર કરે.

પાકિસ્તાનના અખબાર 'ધ ડોન'એ બુધવારે એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. રિપોર્ટ અનુસાર શાહબાઝે ઝાયેદને કહ્યું હતું કે ભારત અને વડાપ્રધાન મોદી સાથે તમારા ઘણા સારા સંબંધો છે અને તમે અમારા મુસ્લિમ ભાઈ છો. તો ભારતને અમારી



સાથે વાતચીત માટે તૈયાર કરો.ગલ્ફ કન્ટ્રીઝની ન્યૂઝ ચેનલ 'અલ અરેબિયા'એ શાહબાઝનો ઈન્ટરવ્યૂ ટેલિકાસ્ટ કર્યો હતો. બુધવારે તેનો બીજો ભાગ સામે આવ્યો, જેમાં શરીફે ખુદ મોદી અને ભારત સાથે વાતચીત માટે પોતાની આતુરતાની વાત સ્વીકારી છે.

શાહબાઝ ગયા અઠવાડિયે જીનિવાથી પરત ફરતી વખતે યુએઈ ગયા હતા. ત્યાંથી તેમને પૂર રાહત માટે ૧ અબજ ડોલરની લોન પણ મળી. બાદમાં તેમણે અહીં અલ અરેબિયાને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. તેનો કેટલોક ભાગ મંગળવારે સામે આવ્યો. તો બુધવારે બીજા ભાગમાં કેટલીક નવી બાબતો સામે આવી.

ઈન્ટરવ્યૂમાં એક સવાલ પર પાકિસ્તાનના વઝીર-એ-આઝમ કહે છે- મેં શેખ નાહ્યાન પાસે મદદ માગી છે. મેં તેમને ભારતને વાતચીત માટે તૈયાર કરવા કહ્યું છે.યુએઈ ભારત સાથે ખૂબ સારા સંબંધો ધરાવે છે અને તે આપણો મુસ્લિમ ભાઈ પણ છે. જો તેઓ ઈચ્છે તો વડાપ્રધાન મોદી અને ભારતને વાતચીત માટે તૈયાર કરી શકે છે. પાકિસ્તાન હવે શાંતિ ઈચ્છે છે અને આ માટે ગંભીરતાથી વાતચીત કરવી જરૂરી છે. મેં શેખ નાહ્યાનને પણ વચન આપ્યું છે કે પાકિસ્તાન હવે સંપૂર્ણ ઈમાનદારી સાથે અને પરિણામ મેળવવા વાતચીત કરવા ઈચ્છે છે.

રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાને ભલે કોઈ વચન કે અપીલ કરી હોય, પરંતુ યુએઈએ શરીફની વાતને ગંભીરતાથી લીધી નથી. તેના દાખલા કે પુરાવાઓ પણ સામે આવી ચૂક્યા છે.હકીકતમાં ૧૨ જાન્યુઆરીએ મુલાકાત બાદ પાકિસ્તાન અને યુએઈ દ્વારા સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. પાકિસ્તાન માટે શરમજનક બાબત છે કે આ નિવેદનમાં ક્યાંય કાશ્મીર શબ્દનો પણ ઉલ્લેખ નથી. જોકે આ પણ પ્રથમ વખત નથી. અગાઉ સાઉદી અરેબિયાએ પણ સંયુક્ત નિવેદનમાં કાશ્મીર શબ્દનો ઉપયોગ કરવાનું ટાળ્યું હતું. પાકિસ્તાન આ બંને દેશને પોતાનો ઈસ્લામિક ભાઈચારો કહેતા થાકતું નથી.

શાહબાઝે ૩ મહત્ત્વની બાબતો કરી હતી જેમાં શાહબાઝે કહ્યું, "કાશ્મીરમાં માનવાધિકારોનું સતત ઉલ્લંઘન થઈ રહ્યું છે. કલમ ૩૭૦ હેઠળ કાશ્મીરીઓને મળેલા અધિકારો ભારતે છીનવી લીધા છે. ઓગસ્ટ ૨૦૧૯માં ઓટોનોમી નાબૂદ કરવામાં આવી હતી. ભારતમાં લઘુમતીઓ પર અત્યાચાર થઈ રહ્યો છે. આ બધું કોઈપણ ભોગે બંધ થવું જોઈએ, જેથી વિશ્વને સંદેશ જાય કે ભારત વાતચીત માટે તૈયાર છે."

તેમણે કહ્યું, "ભારત અને પાકિસ્તાન પડોશીઓ છે અને એકબીજા સાથે રહેવાનું છે. એ આપણા પર છે કે આપણે શાંતિથી સાથે રહીએ, પ્રગતિ કરીએ કે લડતા રહીએ. અમે ભારત સાથે ૩ યુદ્ધ લડ્યાં. આનાથી માત્ર લોકોને ગરીબી અને બેરોજગારી જ મળી. અમે પાઠ શીખી લીધો છે. અમે શાંતિથી રહેવા ઈચ્છીએ છીએ. અમે અમારી વાસ્તવિક સમસ્યાઓ હલ કરવા માગીએ છીએ."

પાકિસ્તાની પીએએ કહ્યું, "અમે ગરીબી ખતમ કરવા માગીએ છીએ. અમે સમૃદ્ધિ અને પ્રગતિ ઈચ્છીએ છીએ. અમે અમારા લોકોને શિક્ષણ આપવા માગીએ છીએ, તેમને સ્વાસ્થ્ય સુવિધાઓ અને રોજગાર આપવા માગીએ છીએ. અમે બોમ્બ અને દારૂગોળા પર અમારાં સંસાધનોનો બગાડ ન કરી શકીએ." હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ સંદેશ આપવા માગું છું. આપણે બંને પરમાણુ શક્તિઓ છીએ. સંપૂર્ણ રીતે શસ્ત્રોથી સજ્જ છીએ. ભગવાન ન કરે કે યુદ્ધ થાય. જો આમ થશે તો કોણ બચશે ?"

## દાંડી થી દિલ્હી સુધીની NCC મોટરસાયકલ રેલીને પ્રસ્થાન કરાવતા મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આત્મનિર્ભર ભારતની સૉલ્ટથી સોફ્ટવેર સુધીની યાત્રાના પ્રતિકરૂપે દાંડી થી દિલ્હી સુધીની ૧૩૦૦ કિલોમીટરની જાવા-યેઝ્દી મોટરસાયકલ રેલીમાં ભાગ લઈ રહેલા એનસીસી કેડેટ્સને ગાંધીનગર થી દિલ્હી જવા પ્રસ્થાન કરાવ્યું હતું.

એન સી સી ની સ્થાપનાના ૭૫ મા વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત, દાદરા-નગર હવેલી, દમણ અને દીવના એનસીસી નિદેશાલય દ્વારા સાબરમતી આશ્રમથી દાંડી સુધીની સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. સાયકલ રેલીના એનસીસી કેડેટ્સ દાંડી પહોંચ્યા હતા, જ્યાં દાંડીથી દિલ્હી સુધીની મોટરસાયકલ રેલીના કેડેટ્સ જોડાયા હતા અને




દાંડીમાં એનસીસીના આ યુવાનોએ મીઠું બનાવ્યું હતું. ગુજરાતના ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ ઈન્ફોર્મેટિક્સ-બાયસેગ દ્વારા એનસીસીનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આ અગાઉ ગાંધીનગરમાં રાજભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં મીઠું અને સોફ્ટવેર એનસીસી કેડેટ્સને અર્પણ કર્યા હતા. હવે આ સોલ્ટ અને સોફ્ટવેર લઈને ૩૦ કેડેટ્સ મોટરસાયકલ રેલી રૂપે નવી દિલ્હી પહોંચશે અને તારીખ ૨૮મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આ સોલ્ટ અને સોફ્ટવેર અર્પણ કરશે.

મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલે આ રેલીને ગાંધીનગરથી દિલ્હી જવા ગુરુવારે સવારે ફલેગ ઓફ કરાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણા અને માર્ગ દર્શન માં આત્મનિર્ભર ભારતે સૉલ્ટથી સોફ્ટવેર સુધી સોળે કળા એ વિકાસ કર્યો છે ત્યારે એનસીસીના યુવાનો આ સંદેશા સાથે મોટરસાયકલ રેલી રૂપે જ્યાં-જ્યાં પણ જશે ત્યાંના યુવાનોમાં નવી ચેતના, નવી સ્ફૂર્તિ અને નવા જોશનો સંચાર કરશે એવી શુભેચ્છા ઓ મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલે પાઠવી હતી.

દાંડીથી નીકળેલી આ મોટરસાયકલ રેલી દિલ્હી સુધીના માર્ગમાં એકતા અને અખંડતાની ભાવના વધુ સુદ્રઢ બનાવશે એવી અપેક્ષા વ્યક્ત કરતાં મુખયમંત્રીએ એનસીસી છાત્રોના રાષ્ટ્ર પ્રેમ ભાવ ને બિરદાવ્યો હતો.

## પશ્ચિમ બંગાળના બોર્ડ પેપરમાં પીઓકેને આઝાદ કાશ્મીર બતાવાયું, ભારે વિરોધ થયો

કોલકતા,

પશ્ચિમ બંગાળમાં એક પરીક્ષાના ટેસ્ટ પેપરને લઈ મમતા સરકાર વિવાદોમાં ઘેરાઈ ગઈ છે.ધો.૧૦ની બોર્ડની પરીક્ષા પહેલા પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના ટેસ્ટ પેપરમાં જમ્મુ કાશ્મીરના એક હિસ્સાને આઝાદ કાશ્મીર લખવા પર ભાજપે મમતા સરકાર પર નિશાન સાધ્યું છે.હકીકતમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને પાકિસ્તાન આઝાદ કાશ્મીર કહે છે અને પશ્ચિમ બંગાળમાં ધો.૧૦ની પરીક્ષા માટે જારી ટેસ્ટ પેપરમાં તેનો આઝાદ કાશ્મીર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હકીકતમાં બંગાળમાં ધો.૧૦ની બોર્ડ પરીક્ષાના મોડલ પ્રશ્ન પત્રથી જોડાયેલ એક ફોટો સોશલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે.ટેસ્ટ પેપરની આ તસવીરમાં છાત્રોથી નકશા પર આઝાદ કાશ્મીરને પસંદ કરવા માટે કહેવામાં આવ્યું છે.તેને લઈ હવે રાજનીતિક વિવાદ શરૂ થઈ ગયો છે.વિરોધ પક્ષ ભાજપે જયાં તેને એક જિહાદી કાવતરૂ ગણાવ્યું છે જયારે સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ ટીએમસીએ તેને એક ભુલ બતાવતા સ્પષ્ટ કર્યું છે કે તે તેને સમર્થન આપતી નથી. પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના અધ્યક્ષ રામાનુજ ગાંગુલીએ સ્વીકાર કર્યો હતો કે સ્વાયત એકમ દ્વારા પ્રકાશિત મોડલ પ્રશ્ન પત્રોમાં ગડબડી થઈ છે અને તેના માટે જવાબદાર લોકોની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.ગાંગુલીએ કહ્યું કે અમે અલગ અલગ સ્કુલો દ્વારા આપવામાં આવેલ પ્રશ્ન પત્રોનું સંકલન પ્રકાશિત કર્યું છે.આવા જ એક પ્રશ્ન પત્રમાં તેની ભુલની માહિતી મળી.મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને સંપાદકીય ટીમના તે સભ્યોની વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.જેમણે મોડલ પ્રશ્ન પત્રની પ્રુફ રીડિંગનું કામ સોંપવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતુ કે બોર્ડની વેબસાઈટ પર સોશિધત પ્રશ્ન પત્ર જારી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને ભુલમાં સામેલ લોકોને છોડવામાં આવશે નહીં.

## કેન્દ્ર અને દિલ્હી સરકારની વચ્ચે ચાલી રહેલા વિવાદ અંગે સુપ્રીમે પોતાનો ચુકાદો અનામત રાખ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દેશની રાજધાની દિલ્હીમાં સેવાઓના નિયંત્રણ માટે કેન્દ્ર અને દિલ્હી સરકારની વચ્ચે ચાલી રહેલા વિવાદ અંગે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડની અધ્યક્ષતા ધરાવતી પાંચ જજોની બનેલી બંધારણીય ખંડપીઠે ચુકાદો અનામત રાખતા પહેલા સળંગ સાડા ચાર દિવસ સુધી કેન્દ્ર અને દિલ્હી સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને વરિષ્ઠ વકીલ એ એમ સિંઘવીની દલીલો સાંભળી હતી.

અરવિંદ કેજરીવાલના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી સરકારે કોર્ટ પાસે માગ કરી હતી કે તે સ્પષ્ટપણે જણાવે કે કોની પાસે કઈ-કઈ સત્તા છે. કેજરીવાલ સરકાર વતી હાજર રહેલા વકીલ સિંઘવીએ જણાવ્યું હતું કે હવે હું આશા રાખું છું કે આ વખતે સ્પષ્ટ થઈ જશે કે કોની પાસે કઈ કઈ સત્તા છે.

સુપ્રીમ કોર્ટે સેવાઓના નિયંત્રણ મુદ્દે કેન્દ્ર અને દિલ્હી સરકારની વચ્ચે ચાલી રહેલા વિવાદ સંબધી કેસ ૯ જજોની બનેલી લાર્જર બેન્ચને મોકલવા માટે કેન્દ્રને વધારાની દલીલો રજૂ કરવાની પરવાનગી આપી છે. સુનાવણી શરૂ થતા જ કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા તુષાર મહેતાએ કેસને લાર્જર બેન્ચને સોંપવા માટેની માગ માટે એક નોટ દાખલ કરવાની મંજૂરી માગી હતી.

## અમદાવાદ ધોલેરા અને દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની કામગીરી પુરજોશમાં, નીતિન ગડકરીએ સમીક્ષા કરી

ગાંધીનગર,

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી તથા ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલની હાજરીમાં મહત્વની બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે ગુજરાતના નેશનલ હાઈવે પ્રોજેક્ટસની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં રાજ્યના વિવિધ હાઈવે પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ-વે, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની સમીક્ષા કરવામાં આવી હતી. જયારે રાજ્યના અન્ય ફોરલેન હાઈવેની કામગીરીનો ચિતાર મેળવવામાં આવ્યો હતો. તે ઉપરાંત અમૃતસર-જામનગર એક્સપ્રેસ વે અને થરાદ-અમદાવાદ એક્સપ્રેસ વે, અમદાવાદ-શામળાજી સિક્સ લેન, ભાવનગર-સોમનાથ ફોરલેન, પાલનપુર-સામખીયાળી, મોરબી-



સામખીયાળી ફોરલેન, ધરોઈ-અંબાજી ફોરલેનની કાર્ય પ્રગતિનો ચિતાર મેળવ્યો હતો.

નેશનલ હાઈવેના વિકાસ અને સુધારણા માટે ૮૧ કામો માટે ગુજરાતમાં છેલ્લા ૮ વર્ષમાં વિવિધ હાઈવે પ્રોજેક્ટ માટે ૫૨ હજાર ૭૭૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. ૩૦ હજાર ૯૦૮ કરોડ રૂપિયાના ૧ હજાર ૩૬૬ કિમીના ૨૨ કામો આયોજનના તબક્કામાં છે. આમ ગુજરાતમાં નેશનલ હાઈવેના બાંધકામ અને સુધારણા માટે કુલ ૧ લાખ ૮ હજાર ૬૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

## સતત ચોથા દિવસે નલિયા ગુજરાતનું સૌથી વધુ ઠંડુંગાર નગર બની રહ્યું



અમદાવાદ,

ગુજરાતમાં કડકડતી ઠંડી અને ઠંડાગાર પવનનો પ્રકોપ ગઈ કાલે પણ યથાવત્ રહેવા પામ્યો છે. એમાં પણ કચ્છમાં આવેલું નલિયા જાણે કે ગુજરાતનું કાશ્મીર બની ગયું છે. સતત ચોથા દિવસે ગુજરાતનું સૌથી વધુ ઠંડુંગાર નગર બની રહ્યું હતું. જોકે ગુજરાતના લોકો માટે કડકડતી ઠંડી ઉડાડતા રાહતના સમાચાર એ છે કે આગામી બેત્રણ દિવસમાં ઠંડીમાંથી થોડીઘણી રાહત મળે એવા સંકેતો હવામાન વિભાગે આપ્યા છે.

શિયાળામાં ઠંડીના બીજા રાઉન્ડમાં ગુજરાતમાં કડકડતી ઠંડી ગઈ કાલે ચોથા દિવસે પણ બરકરાર રહેવા પામી હતી. એમાં પણ અમદાવાદ સહિત કેટલાંય સ્થળોએ સવાર-સવારમાં સુસવાટા મારતા ઠંડા પવનો વાતા નાગરિકો ઠંડીથી પરેશાન થયા હતા. કચ્છમાં ઠંડીનો પારો ગગડતાં નલિયા, રાપર, અબડાસા ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને ડીસા તરફના ગ્રામીણ વિસ્તારમાં સવાર-સવારમાં વેહિકલ પર આછોપાતળો બરફ જામતો હોવાનું જાણવા મળ્યું છે.

નલિયામાં ગઈ કાલે ૩.૮ ડિગ્રી મિનિમમ તાપમાન રહેવા પામ્યું હતું. ગુજરાતનાં ૮ શહેરો અને બે જિલ્લામાં પારો ગગડીને ૧૦ ડિગ્રીથી નીચે ગયો હતો. ડીસામાં ૮.૮, ભુજમાં ૯.૨ ડિગ્રી મિનિમમ તાપમાન રહેવા પામ્યું હતું.

## નિર્મલા સીતારમણ પાસે અઘરું કામ, કોઈ મૂલ્યાંકન કરનાર નથી : રઘુરામ રાજન

નવીદિલ્હી,

દાવોસોમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ચાલી રહી છે. આ દરમિયાન આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને ભારતીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અંગે મહત્ત્વની ટિપ્પણી કરી હતી. પત્રકાર સાથેની વાતચીતમાં રાજને કહ્યું કે સીતારમણ એક કપરું કામ સંભાળી રહ્યા છે.

આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની મોટાભાગની નીતિઓના ટીકાકાર રહ્યા છે. એટલા માટે જ નિર્મલા સીતારમણ અંગેની તેમની મહત્ત્વપૂર્ણ બની જાય છે. તેમણે કહ્યું





કે નિર્મલા સીતારમણ એક મુશ્કેલ કામ કરી રહ્યા છે. એવામાં તેમના સારા કે ખરાબ કામ તરીકે તેમની કામગીરીનું મૂલ્યાંકન કરનાર કોઈ જ નથી હોતું.

જ્યારે પત્રકારે રાજનને પૂછ્યું કે તમે નાણામંત્રી નિર્મલા સીતારમણને કયો રેંક આપશો? તો તેમણે કહ્યું કે હું તેમને રેંક ન આપી શકું. મેં અગાઉ આવું ક્યારેય કર્યું જ નથી. તેમણે કહ્યું કે અસલ ચિંતા તો મધ્યમવર્ગના લોકોની છે. અર્થતંત્રમાં રોજગારની અછત દેખાય છે.

મોટા બિઝનેસ સારા ચાલી રહ્યા છે. તેમણે મહામારી દરમિયાન પણ લોનની ચૂકવણી કરી. બેંક્રોએ પણ તેમની બેડ લોન રાઈટ ઓફ કરી દીધી છે. એવામાં બેંક્ર અને મોટા બિઝનેસ આગળ વધવા તૈયાર છે. પણ તકલીફ તો મધ્યમવર્ગના લોકોને જ થવાની છે. કોરોના દરમિયાન તેમાંથી મોટાભાગના લોકોએ નોકરી ગુમાવી. નાના અને મધ્યમ કદના ઉદ્યોગનું સારું પ્રદર્શન રહ્યું નથી. જોકે તેમણે એમ પણ કહ્યું કે તેમ છતાં તેઓ સારું કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આ વર્ષે ૭ ટકાનો વિકાસ શાનદાર છે.

## મુંબઈ-ગોવા હાઈવે પર અકસ્માત, કાર અને ટ્રકની ટક્કરમાં ૯ના મોત

મુંબઈ,

મુંબઈ-ગોવા હાઈવે પર એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં કાર અને ટ્રક વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. જેમાં નવ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જયારે એક ચાર વર્ષનો બાળક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર અકસ્માતની માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય શરૂ કર્યું હતું. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્ત બાળકને કારમાંથી બહાર કાઢી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાયગઢ જિલ્લાના માનગાંવ નજીક મુંબઈ-ગોવા હાઈવે પર આજે સવારે લગભગ ૫.૩૦ વાગ્યે બની હતી. નવ લોકો ઈકો કારમાં મુંબઈથી ગોવા જઈ રહ્યા હતા. દરમિયાન સામેથી આવતી ટ્રકની હેડલાઈટના પ્રકાશથી કારના ચાલકની આંખો અંજાઈ ગઈ હતી. જેના કારણે કાર ચાલકે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો અને થોડી જ વારમાં કાર પૂરપાટ ઝડપે આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર તમામે તમામ નવ લોકોના મોત થયા છે. મૃતકોમાં ચાર મહિલાઓ અને પાંચ પુરૂષોનો સમાવેશ થાય છે. જોકે, આ જ કારમાં સવાર ચાર વર્ષનો બાળક ગંભીર રીતે ઘાયલ થયા બાદ પણ બચી ગયો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ પહેલા પણ મુંબઈ-ગોવા હાઈવે પર અનેક અકસ્માતો થઈ ચૂક્યા છે. ખાસ કરીને કોંકણ તરફ જતા રોડ પર દરરોજ અકસ્માતો થાય છે. પરિસ્થિતિને જોતા હાઈવે ઓથોરિટી દ્વારા આ હાઈવે પર સાઈનેજ અને બોર્ડ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ સ્પીડ પર નિયંત્રણના અભાવે અકસ્માતો ઓછા થઈ રહ્યા છે.

ગયા અઠવાડિયે નાસિક શિરડી હાઈવે પર આવો જ એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૧૦ મુસાફરોના મોત થયા છે, જ્યારે ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના ઉલ્હાસનગરથી શિરડી સાંઈ બાબા જઈ રહેલા ભક્તો સાથે બની હતી. આ તમામ શ્રદ્ધાળુઓ લકઝરી બસમાં મુસાફરી કરી રહ્યા હતા. આ બસમાં ૫૦ મુસાફરો હાજર હતા.

## પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે તૈયારીઓ જોરસોરથી ચાલી રહી છે


નવીદિલ્હી,

ભારતમાં ૭૪માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે તૈયારીઓ જોરસોરથી ચાલી રહી છે. ૨૬મીં જાન્યુઆરીએ કર્તવ્ય પથ પર ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવનાર છે ત્યારે હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે આ વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ૫૦ એરક્રાફ્ટ કર્તવ્ય પથ પરેડ કરશે. જેમાં નેવીનું આઈએલ-૩૮ પણ સામેલ હશે.

સુત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે વીઆઈપી સીટોમાં કાપ મુકવામાં આવ્યો છે અને સામાન્ય લોકો માટે ૩૨ હજાર સીટો ફાળવવામાં આવી છે. આ મુદ્દે રક્ષા સચિવ ગિરધર અરમાને મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, જનભાગીદારીના વિઝનને પ્રતિબિંબિત કરતી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. કોવિડને ધ્યાનમાં રાખીને સીટોની સંખ્યા એક લાખથી ઘટાડીને ૪૫ હજાર કરી દેવાઈ છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર,વીઆઈપી બેઠકોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કર્તવ્ય પથ પર સીટિંગ પ્લાનમાં સીટોની સંખ્યા ઘટાડીને ૪૫ હજાર કરવામાં આવી છે. આમાંથી ૩૨ હજાર બેઠકો આ વર્ષે સામાન્ય લોકો માટે ઉપલબ્ધ હશે. કુલ બેઠકોની ૧૦ ટકા બીટિંગ રિટ્રીટમાં ઓનલાઈન બુકિંગ માટે ઉપલબ્ધ છે.

## કચ્છમાં ફરીએક વખત ભુકંપનો આચકો અનુભવાયો, ભુકંપની તીવ્રતા ૩ની મપાઈ



ભુજ,

કચ્છમાં વારંવાર ધરતી ધ્રુજવાની ઘટનાઓ બનતી રહે છે. કચ્છમાં ભચાઉ પાસે ભુકંપનો આચકો અનુભવાયો હતો. આજે સવારે ૯ વાગ્યે અને ૧૭ મીનીટે આચકો અનુભવાયો હતો. ભુકંપની તીવ્રતા ૩ની મપાઈ હતી. ભુકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૭ કિલોમીટર દુર જણાવાયુ હતું. વર્ષ ૨૦૦૧માં ૨૬મી જાન્યુઆરીએ જ કચ્છમાં ભયાનક ભુકંપ આવ્યો હતો. કચ્છમાં આ ભુકંપના આચકાથી સ્થાનિક લોકોએ ૨૦૦૧ના ભુકંપ જેવો અનુભવ કર્યો. ભુકંપના આચકાનો અનુભવ થતા જ લોકો પોતાના ઘરની બહાર દોડી ગયા હતા. આ અગાઉ ભુજમાં ૧૧મી જાન્યુઆરીએ ભુકંપ આવ્યો હતો. ૧૧મી જાન્યુઆરીએ ૧૦.૫૭ વાગ્યે કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. તે દિવસે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપ આવતાં જ લોકો ઘરની બહાર દોડી ગયાં હતાં. ભચાઉથી ૧૬ કિ.મી દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાનું જાણવા મળ્યું હતું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# 8th એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૨-૨૦૨૩ શિવમ પાર્ટી પ્લોટ વીરપુર ખાતે યોજાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

ગુજરાત શૈક્ષણીક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર દ્વારા આયોજિત 8th એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૨-૨૦૨૩ અને વીરપુર તાલુકાની પ્રાથમિક શાળાઓનો પ્રથમ આનંદ મેળો શિવમ પાર્ટી પ્લોટ વીરપુર ખાતે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા આદિજાતિ વિકાસ કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતમાં યોજાયો હતો.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, સ્કૂલોમાં બેગલેશ શિક્ષણ થકી વિદ્યાર્થીઓના સ્કીલમાં વધારો થશે અને બધા સાથે મળીને વિવિધ નવા પ્રોજેકટ, પ્રવુર્તિ, ઉપલબ્ધી સાથે ટેકનોલોજીની નવી ઓળખ ઉભી કરી શિક્ષણ શેત્રે આમૂલ પરિવર્તન કરીશું અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લાની દરેક સ્કૂલમાં રૂમ, શૌચાલય, ગ્રાઉન્ડ સાફ રાખી સ્વચ્છ શાળા અને સ્વચ્છ ભારત બનાવીએ તેવી ઉપસ્થિત શિક્ષકો અને બાળકોને અપીલ કરી હતી.

કેબિનેટ મંત્રીએ આજે શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લિખિત એક્ઝામ વોરિયર્સ પુસ્તકના ગુજરાતી સંસ્કરણનું વિમોચન કર્યું હતું. ત્યારે આ પુસ્તકમાં જણાવેલ ઉપયોગી બાબતો આગામી ૧૪મી માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. ત્યારે વિદ્યાર્થીઓ, વાલીઓ અને અધ્યાપકો માટે આ પુસ્તક એક્ઝામ ફિચર દૂર કરવામાં ઉપયોગી થશે. વડાપ્રધાનએ આ પુસ્તકમાં પરીક્ષાને એક ઉત્સવ તરીકે આનંદભેર ઉજવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું છે. પુસ્તકના દરેક પ્રકરણમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃતિઓ પણ આપવામાં આવી છે. જેવી માહિતી ઉપસ્થિત લોકોને આપી હતી.

8th એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં મહીસાગર જિલ્લાના પ્રાથમિક તેમજ તદત (માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક) વિભાગના અનુક્રમે ૪૩ અને ૫ એમ કુલ ૪૮ પ્રકારના શૈક્ષણિક ઈનોવેશન (નવતર પ્રયોગ) ની મંત્રીએ મુલાકાત લીધી હતી.પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા આદિજાતિ વિકાસ કેબિનેટ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરનું સ્વાગત કલમ-ફૂલથી અને ફુલસ્કેપ ચોપડાથી કરવામાં આવ્યું હતું.

## એલ્ડર લાઈન-૧૪૫૬૭ (સિનિયર સિટીજન હેલ્પલાઈન) એક વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થતા ઉજવણી મહીસાગર જિલ્લાના સરગવા મહુડી આવેલ સેવાશ્રમ વૃદ્ધાશ્રમ ખાતે કરવામાં આવી




મહિસાગર,

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ એલ્ડર લાઈન-૧૪૫૬૭ (સિનિયર સિટીજન હેલ્પલાઈન) કે, જેનું અમલીકરણ સંસ્થા હેલ્પ એજ ઈન્ડિયા છે. જેનું એક વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થયેલ છે. જેની ઉજવણી મહીસાગર જિલ્લાના સરગવા મહુડી ખાતે આવેલ સેવાશ્રમ વૃદ્ધાશ્રમ ખાતે કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ ભાર્ગવીબેન( સમાજ સુરક્ષા અધિકારી), ધેનુબેન ઠાકર (પી. આઈ. મહિલા પોલીસ સ્ટેશન), રેણુકાબેન (પ્રોબશન ઓફિસર), હિરેન્દ્ર પરમાર (ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર-એલ્ડર લાઈન મહીસાગર), ભુપેન્દ્રસિંહ મકવાણા (ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર-એલ્ડર લાઈન પંચમહાલ) ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

GCERT ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન સંતરામપુર-મહીસાગર આયોજિત ૮ મો એજ્યુકેશન ઈનોવેશન ફેર અને વિરપુર તાલુકાના આનંદ મેળાનું આયોજન વિરપુર ખાતે શિવમ પાર્ટી પ્લોટમાં કરવામા આવ્યું હતું. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ અને બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ એ હાજરી આપી હતી. ઈનોવેશનમાં અલગ અલગ ૪૭ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં આનંદ મેળામાં બોર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા પ્રોવિઝન સ્ટોર્સનો સ્ટોલમાં ભાગ લીધો હતો.

## ફતેપુરાના મોટી નાદુકણ ગામના યુવકની ચપ્પુના ઘા મારી હત્યા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મોટી નાદુકણ ગામે વાસ્તુ પુજન ચાંદલાવિધિના પ્રસંગમાં ૧૮ વર્ષિય લબરમુછીયા છોકરાને કોઈ અગમ્ય કારણોસર તેના જ કુટુંબના બે ઈસમોએ ગળાના ભાગે ચપ્પુના જીવલેણ ઘા મારી નાસી જતા ચકચાર મચી જવા પામી છે.

મોટી નાદુકણ ગામે ભગત ફળિયામાં રહેતા ૧૮ વર્ષિય રઘુનાથ તેરસીંગ ડિંડોર તેમના ફળિયામાં રહેતા માનસિંગ ડામોરના ઘરે યોજાયેલા વાસ્તુપુજન અને ચાંદલાવિધિના કાર્યક્રમમાં પોતાની બાઈક જે જગ્યા પર પાર્ક કરેલ હતી તે જગ્યાએ ઉભા રહી ડીજેના તાલે નાચી રહેલા માણસોને જોતો હતો તે વખતે તેના ફળિયામાં રહેતા મહેન્દ્ર ભાથુ ડિંડોર તથા મહેશ ભાથુ ડિંડોર એમ બે સગાભાઈઓએ કોઈ અગમ્ય કારણોસર મહેન્દ્ર ડિંડોરને પાછળથી પકડી રાખ્યો હતો. અને મહેશ ડિંડોરે ગળના આગળના ભાગે ચપ્પુના જીવલેણ ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર જ મોતને ઘાટ ઉતારી બંને ભાઈઓ નાસી ગયા હતા. જયારે હત્યાની ઘટનાના પગલે વાગી રહેલા ડીજેના તાલે ચાલી રહેલ નાચગાન એકદમ બંધ થઈ જતા સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. આ સંબંધે હિતેષ ડિંડોરે નોંધાવેલ ફરિયાદના આધારે ફતેપુરા પોલીસે મહેન્દ્ર ડિંડોર તથા મહેશ ડિંડોર વિરુદ્ધ ઈપીકો કલમ ૩૦૨/૧૧૪ તથા જીપી એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલના વેજલપુર પેટ્રોલપંપ પાસે યુવાનની હત્યાના સાત આરોપી ને પોલીસે ઝડપ્યા

કાલોલ,

બેઢીયાના નરેન્દ્રસિંહ જશવંતસિંહ ચૌહાણ, રણવીરસિંહ ઉર્ફે તુસલો કલ્યાણસિંહ ચૌહાણ તથા વનરાજસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણ તા.૮ જાન્યુઆરીના રોજ ધારા હોટલ પાસે સાત ઈસમોએ મારક હથિયાર લઈને ત્રણ જણાને મારમારીને નાસી ગયા હતા. જેમાં ઈજાગ્રસ્ત રણવીરસિંહ ઉર્ફે તુસલો કલ્યાણસિંહ ચૌહાણનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. વેજલપુર પોલીસ મથકે આ સાત ઈસમો સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. વેજલપુર પોલીસ સ્ટેશન પો.સ.ઈ.આર.આર. ગોહિલનાઓએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા સારૂ પોલીસની અલગ અલગ ટીમો બનાવી હ્યુમન અને ટેકનીકલ સોર્સિસ દ્વારા ચોકકસ બાતમી મેળવી ગણતરીના દિવસોમાં ૭ આરોપીને પકડી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરનઓને હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. પકડાયેલા સાત આરોપીઓ મારામારી, જુગાર, ઘરફોડ ચોરી સહિતના ગુનાઓમાં સંડોવાયેલા છે. જયદિપસિંહ ઉર્ફે ફોફો નટવરસિંહ ચૌહાણ, દશરથસિંહ ઉર્ફે કારો હિંમતસિંહ ચૌહાણ, દિલીપભાઈ ઉર્ફે ભાથી નટવરસિંહ ચૌહાણ, રાજેશભાઈ ઉર્ફે મઘડો કાળુભાઈ ચૌહાણ પ્રોહિ લિસ્ટેડ બુટલેગર્સ પ્રકાશભાઈ ઉર્ફે ભચલુ ગણપતસિંહ પટેલ, શૈલેષભાઈ ઉર્ફે ખાટકી પ્રતાપસિંહ સોલંકી તથા સુનીલભાઈ ઉર્ફે પિંટુ ગણપતસિંહ પટેલને પકડીને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝાલોદ નગરના માજી કાઉન્સિલરની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે તેમના પુત્ર દ્વારા બાળકોને તિથિ ભોજન કરાવવામાં આવ્યું



ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકાના માજી કાઉન્સિલર સ્વ.છગનભાઈ ભુનાતરની ૧૨મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પુત્ર નિકુંજ ભુનાતર દ્વારા ઝાલોદ નગરની ડુંગરી ફળિયાની આંગણવાડી ખાતે આંગણવાડીના નાના બાળકોને તિથિ ભોજન કરાવવામાં આવ્યું હતું. નાના ભૂલકાઓને તિથિ ભોજન નિમિતે જમવાનું મળતા તેમના ચહેરાઓ પર અનેરો ઉત્સાહ જોવા મળતો હતો અને દરેક બાળકો રાજી રાજી જોવા મળ્યા હતા.

## પાવાગઢમાં મંદિર સુધી જનારી લિફ્ટના કામનું ખાતમુહૂર્ત થયું

પાવાગઢ,

પંચમહાલમાં આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ શક્તિપીઠ પાવાગઢ ખાતે લિફ્ટના કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું છે પાવાગઢમાં મહાકાળી માતાના મંદિરે આવતા દર્શનાર્થીઓ માટે ખૂબ સારા સમચાર છે કે આ લિફ્ટનું કામ પૂર્ણ થતા દર્શનાર્થીઓ તેની મદદથી સીધા નીજ મંદિરમાં પહોંચી શકશે. રૂપિયા ૨૦ કરોડના ખર્ચે ૨ લિફ્ટ બનાવવામાં આવશે. જેમાં ૨૦ લોકોનો સમાવેશ થઈ શકશે. પાવાગઢ જતા છસિયા તળવાથી મંદિર પરિસર સુધીની લિફ્ટનું નિર્માણ કરવામાં આવશે. કુલ ૭૦ મીટરની ઊંચાઈ ધરવાતી હાઈસ્પીડ લિફ્ટ બનાવવામાં આવશે.

આ લિફ્ટ બનવાને કારણે ખાસ કરીને દિવ્યાંગ અને સિનિયર સિટિઝન વ્યક્તિઓને ઘણી રાહત મળશે. કારણ કે દર્શનાર્થીઓ રોપ વેમાંથી ઉતરે તે પછી પણ પાવાગઢ મહાકાળી માતાના મંદિર સુધી પહોંચવા માટે ૪૫૦ જેટલા પગથિયાં ચઢીને જવા પડે છે. ત્યારે લિફ્ટનું કામ થઈ જશે તો દર્શનાર્થીઓ માટે ખૂબ જ રાહત રહેશે. આ લિફ્ટની બનાવવાનું કામ ખાનગી એજન્સીને સોંપવામાં આવ્યું છે. શાસ્ત્રોકત વિધી સાથે લિફ્ટના કામની ખાત વિધી કરવામાં આવી હતી.

મંદિર સુધી લઈ જતો રોપ વે મેઈન્ટેનન્સના કામ માટે બંધ રાખવામાં આવ્યો છે. પાવાગઢમાં તહેવારોમાં તેમજ રવિવારે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે અને પાવાગઢના દર્શન માટે સતત રોપ વેનો ઉપયોગ થતો હોય છે આથી રોપ વે ચલાવનારી કંપની વાર્ષિક તેમજ અર્ધ વાર્ષિક મેઈન્ટેનન્સ કરતી હોય છે તે જ રૂટિન પ્રક્રિયા પ્રમાણે પાવાગઢમાં પણ રોપ વેની મેઈન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. ૧૬ જાન્યુઆરીથી બંધ થયેલો રોપ વે ૨૧ જાન્યુઆરી બાદ રાબેતા મુજબ રોપ વે સેવા શરૂ કરવામાં આવશે.

ગત વર્ષે પાવાગઢ મંદિર ઉપર પ્રથમ વાર ધજા ચઢાવવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંદિર ઉપર ધજા ચઢાવ્યા બાદ અહીં સતત દર્શનાર્થીઓ વધી રહ્યા છે. રવિવાર તેમજ તહેવારના દિવસે તેમજ નવરાત્રી દરમિયાન અહીં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે.

## મલેકપુર ગામમાં પાણીની લાઈન લીકજે થતાં ગંદકીનું સામ્રાજય




તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

મલેકપુરમાં ગામના ચોતરા પાસે જ ગંદકીનું સામ્રાજય પાણીની લાઈન પણ લીકેજ હોવાના કારણે રોગચાળો ફેલાય તેવી દહેસત મલેકપુર નવી વસાહત સહિત ગંદકી જોવા મળી છે. અસંખ્ય ગંદકી અને કાદવ-કિચડ થી મલેકપુર ની પ્રજા ત્રાહિમામ થઈ ગઈ છે. ત્યારે મલેકપુર ગ્રુપ ગ્રામ પંચાયતની ગોર બેદરકારી જોવા મળી રહી છે. છેલ્લા કેટલાય સમયથી મલેકપુર ગામમાં સાફ-સફાઈ નો પણ અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે ગામના ચોતરા પાસે પાણીની લાઈન પણ લીકેશ હોવાના કારણે પાણી ચાલુ થતાની સાથે જ ગામમાં પાણી પાણી જોવા મળી રહે છે. ત્યાં રહેતા આજુબાજુના રહીશો પણ ગામના રસ્તા વચ્ચે છુટું ગંદુપાણી રસ્તા પર ઢોરતા હોય છે. ત્યારે ગામમાં રસ્તા પર વધારે દુર્ગંધ ફેલાતી હોય છે. ત્યારે મલેકપુર ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા ગંદકી કરતા રહીશોને નોટિસ આપીને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ છે. ગટર લાઈન નં હોવાને કારણેબારે મહિના મલેકપુરમાં ચોમાસા જેવો માહોલ જોવા મળી રહે છે. ત્યારે હાલ જોવા જઈએ તો નવી વસાહતમાં જતા પહેલા જ મલેકપુરવાસીઓને ગંદકીનો સામનો કરવો પડે છે. ગંદકીને કારણે દુર્ગંધ ફેલાઈ રહેલ છે અને રોગચાળો ફેલાય તેવી શક્યતા સેવાઈ રહેલ છે. ત્યારે મલેકપુર ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા કોઈ સાફ-સફાઈ કરવામાં આવતી નથી. જો મલેકપુર ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા સફાઈ કરવામાં આવે તેવી ગ્રામજનોની માગ છે.

## જુનાગઢ કેશોદ ખાતે ગુજરાત મા.અને ઉ.મા. વહીવટી કર્મચારી સંઘ મહિસાગર અને પંચમહાલનું પ્રતિનિધીત્વ



મલેકપુર,

મહીસાગર જિલ્લાનું ગૌરવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વહીવટી કર્મચારી સંઘ મહામંડળની સામાન્ય સભા કેશોદ જિ.જૂનાગઢ ખાતે મળી હતી. જેમાં ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી મહામંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે કિશોરભાઈ ડાંગર (જૂનાગઢ), અધ્યક્ષ તરીકે મુકેશરાજ સોલંકી (પંચમહાલ), મહામંત્રી તરીકે મિતેષભાઈ મોદી (ગાંધીનગર) અને મહીસાગર જિલ્લાના સંગઠન શકિત યુગે યુગેના સિદ્ધાંત થી કામગીરી કરીને આગવી ઓળખ ઉભી કરાનાર અને તમામ વહીવટી કર્મચારીઓને સાથે રાખીને કામ કરવાની તેમની આગવી કુનેહના કારણે વિનોદભાઈ જેઠાભાઈ પટેલ સરસ્વતી વિદ્યાલય દોલતપુરા (તા.લુણાવાડા જિ.મહીસાગર)ને સતત બીજી વખત ઉપપ્રમુખ તરીકે બિન હરીફ નિયુકિત થતાં મદય ગુજરાત અને મહીસાગર જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વહીવટી કર્મચારી સંઘ હર્ષ અને આનંદની લાગણી અનુભવતા તેમને હૃદય પૂર્વકની શુભેચ્છા પાઠવીએ છીએ.

## બાલાસિનોરના વાવલીની પરિણીતાએ કેનાલમાં પડતું મૂકી આપઘાત કર્યો



બાલાસીનોર,

લુણાવાડા તાલુકાના વીરણીયાના રમેશભાઈ રામાભાઈ બારીયાની દિકરી ભૂમિકાબેનના લગ્ન સાતેક મહિના પહેલા બાલાસિનોર તાલુકાના જેઠોલી તાબે વાવલીમાં રહેતા ધવલસિંહ જયદીપસિંહ ચૌહાણ સાથેજ્ઞાતિના રીતરિવાજ મુજબ થયા હતા. લગ્નની શરૂઆતમાં ચારેક માસ સુધી પરિણીતાનું લગ્ન જીવન સુખરૂપ ચાલ્યુંહતું. બાદમાં પરિણીતાને તેના પતિ તથા સાસુ સસરા ઘરના કામકાજ બાબતે મ્હેણાં ટોણાં મારી મારઝુડ કરતા હતા. આમ છતાં ભૂમિકાબેન પોતાના ઘર સંસાર જાળવી રાખવા મૂંગા મોઢે ત્રાસ સહન કરતી હતી. સાસરીયાનો ત્રાસ સહન ન થતા કંટાળેલી પરિણીતા દિવાળીના તહેવાર અગાઉ રિસાઈને પિયરમાં ગઈ હતી. ત્યારે ભૂમિકા એ તેના પરિવારજનોને જણાવેલ કે પતિ અવાર નવાર ઘરે દારૂ પીને આવી શારીરિક માનસિક ત્રાસ ગુજારી માર ઝુડ કરે છે. જેથી રિસાઈને આવી છું હવે મારે સાસરીયા જવું નથી. આમ છતાં કુટુંબીજનોએ દીકરીને સમજાવી ઘરસંસાર બગડે નહીં તે માટે સાસરીમાં મોકલી હતી. આ દરમિયાન તા.૧૪/૧/૨૩ ના રોજ ગામના જમાઈ મણીલાલ ડાહ્યાભાઈ ચૌહાણે મોબાઈલ પર ફોન કરી જણાવેલ.

## ગોધરા કાનસુધી-ચંચેલાવ વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર પ્રેમી પંખીડાએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કર્યો

દાહોદ,

પંચમહાલના ગોધરા તરફથી પસાર થતો રેલ્વે ટ્રેક કાનસુધી અને ચંચેલાવ તરફ પ્રેમી પંખીડા કહેવાતા એક યુગલે ચાલુ ટ્રેનમાંથી ઝંપલાવી દેતાં બંન્નેના ઘટના સ્થળ પર કરૂણ મોત નીપજ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર રેલ્વે પોલીસ દોડી ગઈ હતી અને ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં.

રાજસ્થાનન કરોલી જિલ્લામાં રહેતાં ૨૦ વર્ષીય દેવેન્દ્ર મુનસીરામ જાટવ અને ૧૯ વર્ષીય સોનમ ભરતલાલ જાટવ આ યુગલ ઘરેથીભરૂચ ખાતે આવી ગયા હતા. તેવામાં તેઓના પરિવારજનોને જાણ થતાં આ યુગલને તેઓના ભાઈઓ દ્વારા પોતાના વતન લઈ જવામાં આવતાં હતાં. ત્યારે પ્રેમી પંખીડા તરીકે કહેવાતા આ યુગલે અગમય કારણોસર પંચમહાલના ગોધરાના કાનસુધી અને ચંચેલાવ વચ્ચે જયપુર બાન્દ્રા એક્સપ્રેસ ટ્રેનમાંથી ચાલુ ટ્રેનમાં ઝંપલાવતાં યુગલને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં યુવક અને યુવતી બંન્નેનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે રેલ્વે પોલીસ ઘટના સ્થળ પર દોડી ગઈ હતી અને ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા પણ ઉમટી પડ્યાં હતાં. સમગ્ર મામલે રેલ્વે પોલીસ દ્વારા બંન્નેના મૃતદેહોને નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધોરણ-૬ ની પ્રવેશ પરીક્ષા ૨૦૨૩ માં જન્મ તારીખ એક મહિનો લંબાવવામાં આવ્યો

મહિસાગર,

નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા જવાહર નવોદય વિદ્યાલય માં ધો. ૬ માં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા જે તારીખ ૨૯/૦૪/૨૦૨૩ ને શનિવારનાં રોજ યોજાનાર છે તેના પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાના ચાલુ થઇ ગયેલ છે અને જેની અંતિમ તારીખ ૩૧/૦૧/૨૦૨૩ છે. તથા ફોર્મ ભરવા માટેની વિદ્યાર્થીની જન્મ તારીખ ૦૧/૦૫/૨૦૧૧ થી ૩૦-૦૪-૨૦૧૩ ની વચ્ચે હતી તે એક મહિનો ફક્ત ગુજરાત પૂરતા લંબાવી ને ૩૧/૦૫/૨૦૧૩ કરવામાં આવેલ છે. આચાર્ય જવાહર નવોદય વિદ્યાલય બાલાસિનોરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## દાહોદ થી રાહડુંગરી મોટીર ખરજ બાઈક ઉપર જતાં યુવાનની બાઈક સામે જંગલી બિલાડું આવી જતાં અકસ્માતમાં ચાલકનું મોત

દાહોદ,

દાહોદથી પોતાની મોસચાક્લ પર પરત ઘરે જઈ રહેલા રાહડુંગરી મોટી ખરજ ગામનાં યુવાનની મોસાયકલ આગળ ગરબાડા રોડ વચ્ચે એક જંગલી બિલાડુ આવી જતુ અને મો.સાયકલ સાથે ટકરાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મો.સાયકલ ચાલકનું મોત નિપજ્યાનું જાણવા મળેલ છે.

ગત તા. ૧૭.૧.૨૦૨૩ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે રાહડુંગરી મોટીખરજ ગામના નવીનભાઈ વસનાભાઈ પરમારના ભાઈના છોકરો શૈલેષભાઈ પરમાર પોતની જીજે.૨૦.એએ.૭૧૪૮ નંબરની મો.સાયકલ લઈ દાહોદથી પરત પોતાના ઘરે જઈ રહ્યો હતો. તે દરમ્યાન રસતામાં દાહોદના ગરબાડા રોડ પર જંગલી બિલાડો આવી જતા મો.સાયકલ સાથે અથડાતા શૈલેશભાઈ પરમારે મોસચાકલ પરનો કાબુ ગુમાવી દેતા રોડ પર પટકાતા તેને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટીભર્યું મોત નિપજ્યું હતું. આ સંબંધેરાહડુંગરી મોટીખરજ ના નવીનભાઈ વસનાભાઈ પરમારે ગરબાડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે લફેરલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ ગ્રામ વિકાસ એજન્સીના વર્કશોપમાં પદાધિકારીઓ મનરેગાના કામોમાં ટકાવારી લેતા હોવાના ગંભીર આક્ષેપો

દાહોદ,

દાહોદ ગ્રામ વિકાસ એજન્સીએ વર્કશોપનુ આયોજન કર્યુ હતુ. કેટલાક પદાધિકારીઓએ મનરેગાના કામોની મંજુરીમાં ટકાવારી લેવાતા હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. તેની સાથે જ તમામ પદાધિકારીઓએ વર્કશોપનો બહિષ્કાર કર્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા દાહોદ અને ગરબાડા તાલુકાના સરપંચો, તા.પં.અને જિ.પં.નો એક વર્કશોપ રાખ્યો હતો. આ વર્કશોપનો શુભારંભ પારંપરિક રીતે કર્યો હતો. જેમાં ધારાસભ્ય સહિતના પદાધિકારીઓએ દિપ પ્રાગટ્ય કરીને સમારંભ શરૂ કરાવ્યો હતો. નેતાઓએ પ્રસંગોચિત ઉદ્બોધન પણ કર્યુ હતુ. અને વ્યસ્તતાને કારણે કેટલાક પદાધિકારીઓ રવાના પણ થઈ ગયા હતા. આ વર્કશોપમાં સ્વચ્છ ભારત મિશન, મનરેગા અને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી કેવી રીતે પહોંચે તેની વિસ્તૃત જાણકારી આપવાની હતી. જેમાં શરૂઆત સારી રીતે કરવામાં આવી હતી. થોડા સમય બાદ અણધાર્યો ધટસ્ફોટ થયો હતો અને જાહેરમાં જ મનરેગા યોજનાને લઈને પદાધિકારીઓએ રોષ ઠાલવવાનુ શરૂ કર્યુ હતુ. કેટલાક પદાધિકારીઓએ મનરેગા યોજનામાં ખુલ્લેઆમ ટકાવારી લેવામાં આવે છે અને ટકાવારી આપ્યા વિના કોઈ મંજુરી મળતી નથી તેવા આક્ષેપ સાથે આવા વર્કશોપના આયોજન કરવાનો કોઈ અર્થ રહેતો નથી કહી પદાધિકારીઓ રવાના થઈ ગયા હતા. સાંજ સુધી ચાલનાર વર્કશોપ બપોરે જ સમેટી લેવામાં આવ્યો હતો. ગ્રામ વિકાસ એજન્સીના નિયામકનો સંપર્ક કર્યો હતો પરંતુ તેમનો મોબાઈલ બંધ આવ્યો હતો.

## આપની આજ.......

મેષ : સમાજ અને પરિવારમાં તમારું માન-સન્માન વધશે. ભાઈઓ સાથે ચાલી રહેલો કોઈ વિવાદ પણ પૂર્ણ થશે તથા સંબંધ ફરી મધુર થઈ જશે. વધારે ભાવુકતા પણ નુકસાનદાયી સાબિત થઈ શકે છે.

વૃષભ : વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શન તમારા ભાગ્યમાં વધારો કરશે. પરિવારમાં સુખ-શાંતિ જળવાયેલી રહેશે. ઘરમાં કોઈ માંગલિક આયોજનને લગતા કાર્યો સંપન્ન થઈ શકે છે.

મિથુન : કાર્યક્ષેત્રમાં વ્યવસાયિક ગતિવિધિઓ થોડી ધીમી રહેશે. આજનો દિવસ મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવા માટે ખૂબ જ સર્વોત્તમ રહેશે. આ સમય ગ્રહ ગોચર તમારા માટે થોડી સફળતા પ્રદાન કરી રહ્યું છે.

કર્ક : કોઈ અટવાયેલા રૂપિયા આવી જવાથી ચિંતા દૂર થશે. જમીન-જાયદાદનું કોઈ કામ અટવાયેલું છે તો આજે તેના પૂર્ણ થવાની સંભાવના છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. ભવિષ્યને લગતી થોડી યોજનાઓ ઉપર પણ વિચાર થશે.

સિંહ : છેલ્લાં થોડા સમયથી વ્યવસાયિક સ્થળમાં કરેલાં ફેરફારથી આ સમયે સારું પરિણામ મળશે. તમને સફળતા ચોક્કસ મળશે. જીવનસાથી સાથે કોઈ વાતને લઈને હળવો વિવાદ થઈ શકે છે.

કન્યા : કોઈપણ ડીલ કે લેવડ-દેવડને લગતા કાર્યોમાં વધારે સાવધાની રાખો. આજે તમે તમારી દિનચર્યા તથા વ્યવહારમાં થોડું પરિવર્તન લાવશો. પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલી ગેરસમજ દૂર થશે.

તુલા : ઘરમાં મહેમાનો આવવાથી વાતાવરણ સુખમય રહેશે. ઘરના વડીલ વ્યક્તિઓની સલાહથી સમસ્યાઓનું સમાધાન મળી શકશે. પરિવારમાં થોડા સમયથી ચાલી રહેલી અવ્યવસ્થાને દૂર કરવા માટે તમે થોડા મહત્ત્વપૂર્ણ નિયમ પણ બનાવશો અને તેનાં સફળ પણ રહેશો.

વૃશ્ચિક : મિત્રો અને પરિવારના લોકો સાથે થોડા મનોરંજનને લગતા પ્રોગ્રામ બનશે. જો ઘરમાં રિનોવેશનને લગતી થોડી યોજના બની રહી છે તો તેને શરૂ કરવાનો યોગ્ય સમય છે.

ધનુ : વ્યવસાય કે નોકરીને લગતો કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય જાતે જ લો. તમારી સમજદારી દ્વારા લેવામા આવેલ નિર્ણય તમારી આર્થિક સ્થિતિને વધારે સારી કરી શકે છે.

મકર : વ્યવસાયિક ક્ષેત્રમાં થોડા મામલાઓ ગુંચવાઈ શકે છે. સંબંધીઓ તથા પાડોસીઓ સાથે સંબંધોમાં વધારે મધુરતા આવશે. બાળક પક્ષ તરફથી પણ સંતોષજનક સમાચાર મળી શકે છે.

કુંભ : થોડા મહત્ત્વપૂર્ણ કામ બની જવાથી રાહત અનુભવ થશે. વ્યવસાયમાં કોઈ અનુભવી વ્યક્તિનો સહયોગ અને સલાહથી અનેક અટવાયેલી ગતિવિધિઓ ફરીથી શરૂ થશે. તમારો આત્મવિશ્વાસ અને આત્મબળ પણ વધશે.

મીન : સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. તમારી સફળતાનો ભરપૂર ઉપયોગ કરો. વ્યવસાયમાં તમારી કાર્ય પ્રણાલીમાં જે પરિવર્તન આવ્યું છે, તેમાં ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. થોડો સમય બાળકો તથા ઘરની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં પસાર થશે.

# દાહોદમાં નિયત વ્યાજ કરતાં વધુ વ્યાજ ઉઘરાવી ત્રાસ આપતાં ૬ વ્યાજખોરો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

દાહોદ,
વ્યાજ ખોરોના ત્રાસથી લીધે કેટલાક લોકોએ આત્મહત્યા કરી લીધાના બનાવોમાં સતત વધારો થતાં પોલિસ દ્વારા વ્યાજખોરો સામે લાલ આંખ કરવામાં આવી છે. ત્યારે વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયેલા લોકો હવે આ ત્રાસમાંથી છુટકારો મેળવવા પોલીસ સ્ટેશનના દરવાજે દસ્તક દઈ રહ્યા છે. તેવા સમયે દાહોદ જિલ્લામાં સરકાર દ્વારા નિયત કરેલા વ્યાજ કરતા વધુ વ્યાજે નાણાધીરી વ્યાજ સહિતનાં નાણા વસુલ્યા છતાં વધુ નાણા પડાવવા પઠાણી ઉઘરાણી કરી ત્રાસ આપનારા છ જેટલા વ્યાજખોરો સામે બે ફરિયાદો નોંધાયાનું જાણવા મળ્યું છે.

દાહોદ વણઝારવાડમાં રહેતા નાજીમભાઈ નજમુદ્દીન મોગલે લુહાર) દાહોદ વણઝારવાડમાં રહેતા શાકીર એહમદભાઈ વાયડા પાસેથી એક લાખ રૂા. ૨૦ ટકાના વ્યાજે લીધા હતા. જે વ્યાજ સહિત ચુકવી દીધા હતા. ત્યારબાદ દાહોદ જુનીકોર્ટ રોડ પર રહેતા ઈબ્રાહીમભાઈ સલામભાઈ બાંડીબારવાલા પાસેથી રૂા. ૧ લાખ ૧૦ ટકાના વ્યાજે લીધ હતા. જે વ્યાજ સહિત ચુકવી દીધી હતી. ત્યારબાદ દાહોદ એમએન્ડ પી હાઈશ્કુલ પાસે રહેતા સઉદ બજારીયા પાસેથી ૩૦ ટકાનાં વ્યાજે રૂા. એક લાખ લીધા હતા. જે પણ વ્યાજ મુકી સહિત ચુકવી દીધા હતા. અને ત્યારબાદ દાહોદ જુની કોર્ટ પાછળ નાના ડબગરવાડા માં રહેતા અખતર સફીભાઈ પટેલ પાસેથી ૨૦ ટકાના વ્યાજે પાંચ લાખ રૂા. લીધા હતા. અને તે પણ મુકી વ્યાજ સહિત ચુકવી દીધી હતી. તેમ છતા ઉપરોક્ત ચારે વ્યાજખોરો નાજીમભાઈ નજમુદીન મોગલ પાસેથી વ્યાજના રૂા. ૨૧ લાખ વધુ કઢાવવા માટે અવારનવાર ઘરે કે રસ્તામાં મળે તે સમયે બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધાક ધમકી આપતા હોવાથી દાહોદ વણઝારવાડમાં અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગયેલા નાજીમભાઈ નજમુદ્દીન મોગલે દાહોદ શહેર એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા દાહોદ ટાઉન પોલીસ આ સંદર્ભે દાહોદ વણઝારવાડમાં રહેતા શાકીર એહમદભાઈ વાયડા, દાહોદ જુની કોર્ટ રોડ પર રહેતા ઈબ્રાહીમભાઈ સલામભાઈ બાંડીબારવાલા, દાહોદ એમએન્ડ પી હાઈસ્કુલ પાસે રહેતા સઉદ બજારીયા તથા દાહોદ જુની કોર્ટ પાછળ નાના ડબગરવાડમાં રહેતા અખતર સફીભાઈ પટેલ વિરૂદ્ધ ઈપીકોક ૩૮૪,૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ કલમ ૪૦,૪૦(એ) મુજબ ગુનો નોંધઈ આગળની કાર્યવાહી હાથ ધરી ચારેની ઘરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.જ્યારે વ્યાજખોરીના બીજા બનાવમાં દે.બારીયા પીટીસી કોલેડ રોડ શિવપાર્ક સોસા. લાલબંગલા પાસે રહેતા ૪૭ વર્ષીય કોકીલાબેન કનુભાઈ ધીરાભાઈ રાઠવાએ પોતાના ગર્ભાશયના ઓપરેશન તથા બીજા કામ માટે પૈસાની જરૂર પડતાં તા.૨૧.૧૦.૨૦૧૩ ના રોજ દે.બારીયા ખાતેની હિરેન જવેલર્સ નામની સોના–ચાંદીની દુકાન પરજઈ તે દુકાનદાર પંકજભાઈ કનૈયાલાલ સોની પાસે પોતાનું મકાન ગીરો મુકીને રૂા. પાંચ લાખ વ્યાજે લીધા હતા. તે પૈસા તેઓએ વ્યાજ સહિત રૂા.૧૦ લાખ ચેક દ્વારા આપી દીધેલ હોઈ અને તે પછી બીજીવાર કોકીલાબેન રાઠવાને પૈસાની જરૂર પડતાં પંકજભાઈ કનૈયાલાલ સોની પાસે પોતાના સોના–ચાંદીના દાગીનામુકી રૂા.૪૫૦૦૦૦ વ્યાજે લીધા હતા. તેમાંથી રૂા.૧,૫૦,૦૦૦ ભરી દીધેલ હોઈ અને કોકીલાબેન રાઠવા પોતાની રકમ છોડાવવા પંકજભાઈ કનૈયાલાલ સોનીને હિરેન જવેલર્સ નાની સોના–ચાંદીની દુકાને ગયા હતા. ત્યારે પંકજભાઈ કનૈયાલાલ સોની તથા તેના છોકરા હિરેનભાઈ પંકજભાઈસોનીએ કોકીલાબેનને તમો ૧૩ લાખ ભરો તેમ કહી અવારનવાર મોબાઈલ ફોન પર તેમજ કોકીલાબેનના ઘરે જઈ ગાળો બોલી મુળ રકમ તથા વ્યાજ મળી રૂા.૧૩ લાખ ની માંગણી કરી જો તમે પૈસા આપવા માંગતા ન હોય તો તમારૂ મકાન અમારાનામે કરી અમારા નામનો દસ્તાવેજ કરી આપ તેવું કહીદબાણ કરી બળજબરી પુર્વક રૂા.૧૩ લાખની ઉઘરાણી કરી રહ્યા છે. આ સંબંધે કોકીલાબેન કનુભાઈ ધીરાભાઈ રાઠવાએ દે.બારીયા પોલીસ સ્ટેશને ફરિયાદન નોંધાવતા પોલીસે વ્યાજખોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી બંન્ને બાપ બેટાની ઘરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## ઝાલોદ બસસ્ટેશન વિસ્તારમાં બનતા ડિવાઈડર રોડમાં તિરાડો પડતા આમ આદમી પાર્ટી દ્વારા નગરપાલિકાને લેખિત રજૂઆત કરાઈ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

- સારો અને ગુણવત્તા યુક્ત રોડ જલ્દી બનાવવા જવાબદાર કોન્ટ્રાકટર પાસે માંગણી કરાઈ.
- નગરપાલિકામાં ૨૭ વર્ષના શાસનમાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપ મુકાયા.

ઝાલોદ,
ઝાલોદ વિધાનસભા ઉમેદવાર અનિલભાઈ ગરાસિયાના નેતૃત્વમાં આપ દાહોદ લોકસભા સંયુક્ત સચિવ રમસુભાઈ હઠીલા, પ્રદેશ પ્રવકતા જયેશભાઈ સંગાડા ઉપસ્થિતિમાં નગરપાલિકા ચીફ ઓફિસરની કચેરી માદયમથી ગુજરાતના મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજુઆત કરી

જેમાં અનિલભાઈ ગરાસિયાએ જણાવ્યું કે, હાલ ઝાલોદ શહેરનો મુખ્યમાર્ગ RCC બની રહ્યો છે. જેમાં બિલકુલ હલકી ગુણવત્તા વાપરવામાં આવી છે. આ એજન્સીને બ્લેક લિસ્ટ કરી કામમાં થયેલ ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસ કરવામાં આવે અન્યથા આપ પાર્ટી દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામા આવશે.

આપના રાજ્ય સચિવ અને પરદેશ પ્રવકતા જયેશભાઈ સંગાડાએ જણાવ્યું કે, ઝાલોદ નગરજનોના ટેક્ષના પૈસા વેડફાઈ રહ્યા છે. ૨૭ વર્ષના શાશન પછી પણ ઝાલોદ શહેરના રસ્તા બિસ્માર હાલતમાં છે. ખુલી ગટરોનું સામ્રાજ્ય છે. પીવાનું સ્વચ્છ પાણી મળતું નથી. ૨૭ વર્ષના શાસન પછી પણ નગરપાલિક વિકાસ કામોથી વંચિત છે. આવનાર સમયમા નગર પાલિકા ચુંટણીમાં આમ આદમી પાર્ટી મજબૂતાઈ થી લડશે અને નગર પાલિકા જીતશે અને આવનાર ૬જ મહિનામાં તમામ સમસ્યાઓનું નિવારણ કરશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી.

## સીંગવડના વગેલા ગામે બે વર્ષ અગાઉ બાળકી સાથે છેડછાડ કરનાર આરોપીને લીમખેડા કોર્ટ દ્વારા ૧૨ વર્ષની સજા ફટકારી

દાહોદ,
દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના વગેલા ગામે બે વર્ષ અગાઉ એક નરાધમે એક ૧૧ વર્ષીય બાળાને પૈસાની લાલચ આપી ગામમાં આવેલ એક ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ કરવાના ઈરાદે શારિરીક છેડછાડ કરતાં આ મામલે સ્થાનીક પોલીસ મથકે ફરિયાદ નોંધાંયાં બાદ આ કેસ લીમખેડાની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટે સમાજમાં દાખલો રૂપ ચુકાદો આપતાં આરોપીને ૧૨ વર્ષની સજા સાથે કુલ ૪૨ હજારના દંડનો ભરવાનો હુકમ કરતાં કોર્ટ સંકુલમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો.

તા.૨૩.૧૨.૨૦૨૦ના રોજ સીંગવડ તાલુકાના વગેલા ગામે નવીપરી, નીશાળ ફળિયામાં રહેતો નરાધમ જશુભાઈ રામસીંગભાઈ ભુરીયાએ બપોરના સમયે સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૧ વર્ષીય બાળાને પૈસાની લાલચ આપી પોતાના ગામમાં આવેલ એક ખેતરમાં પટાવી, ફોલાવી બાળાને બોલાવી હતી. ત્યાં બાળા ઉપર દુષ્કર્મ કરવાના ઈરાદે બાળાના શરીરે અડપગલા કરી શારિરીક છેડછાડ કરી હતી. ત્યારે પરિસ્થિતીને ભાળી ગયેલ બાળા ત્યાંથી ઈસમના ચંગુલમાંથી છુટી ભાગી ગઈ હતી અને અને પોતાના પરિવારજનો પાસે પહોંચી આ મામલે સમગ્ર ઘટનાની જાણ કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ બાદ પરિવારજનો બાળાને લઈ સ્થાનીક પોલીસ મથકે આવી ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી. ત્યારે કેસ નામદારા કોર્ટ લીમખેડાની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આજરોજ આ કેસનો ચુકાદો આવ્યો હતો. જેમાં એડીશનલ જજ વી.એસ. પરમાર દ્વારા આરોપી જશુભાઈને આઈપીસી કલમ ૩૫૪ મુજબ પાંચ વર્ષની સજા, ૧૫ હજારનો દંડ, પોસ્કો એક્ટની કલમ ૮ મુજબ પાંચ વર્ષની, ૧૫ હજાર દંડ, પોસ્કો એક્ટની કલમ ૧૨ હેઠળ ૨ વર્ષની સજા અને ૧૦ હજાર દંડ મળી કુલ ૧૨ વર્ષની સજા અને ૪૨ હજાર દંડ ભરવાનો હુકમ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ લીમખેડાની કોર્ટ દ્વારા ચુકાદાઓ આપ્યાં હતા. જેમાં ત્રણથી ચાર કેસોમાં ઐતિહાસીક ચુકાદાઓ આપ્યાં હતા. જેમાં બળાત્કાર, અપહરણ વિગેરે જેવા કેસોમાં નિર્ણાયક ચુકાદાઓ આપી સમાજમાં આરોપીઓ અને ગુન્હેગારોને સબક મળે તેવા ચુકાઓ આપી કડક સજા ફટકારવામાં આવી હતી. ત્યારે આજે પુનઃ બાળા જોડે દુષ્કર્મના ઈરાદે છેડછાડના કેસમાં આરોપીને કડકમાં કડક સજા ફટકારતાં સમાજમાં દાખલા રૂપ ઉત્તમ દાખલો બેસાડવાનો પ્રયાસ કર્યો છે.

## દાહોદ સ્ટીફન સ્કુલમાં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થીની ઉપર બે અજાણ્યા યુવકો દ્વારા જીવલેણ હુમલો સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઈ



દાહોદ,
દાહોદ શહેરના ગોદી રોડ ખાતે આવેલ સ્ટીફન સ્કુલમાં અભ્યાસ કરતી એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીની પર બે અજાણ્યા યુવકો દ્વારા વિદ્યાર્થીની પર જીવલેણ હુમલો કરતાં ગંભીર ઈજાગ્રસ્ત યુવતીને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે.


દાહોદ શહેરના ગોદી રોડ ખાતે રામનગરમાં રહેતી અને શહેરની સ્ટીફન સ્કુલમાં અભ્યાસ કરી એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીની નાસ્તો કરી પરત પોતાના ઘરે જતી હતી. તે સમયે રસ્તામાં કોઈ અજાણ્યા બે યુવકો દ્વારા વિદ્યાર્થીનીની પાછળ આવી કોઈ હથિયાર વડે વિદ્યાર્થીનીની પાછળથી હુમલો કરી માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી બંન્ને અજાણ્યા યુવકો નાસી ગયાં હતાં જ્યારે વિદ્યાર્થીની ઘટના સ્થળ પરજ બેભાન થઈ ગઈ હતી. ઘટનાને પગલે વિદ્યાર્થીનીના પરિવારજનો તેમજ સ્થાનીક લોકો દોડી આવ્યાં હતાં અને તાત્કાલિક ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનીને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મોકલી આપવામાં આવી હતી. વિદ્યાર્થીની ધોરણ ૧૦માં શહેરમાં આવેલ સ્ટીફન સ્કુલમાં અભ્યાસ કરે છે. સમગ્ર મામલે સ્થાનીક પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી હુમલાખોર યુવકોને ઝબ્બે કરવાની તજવીજ હાથ ધરી છે.

## દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે અદ્યતન ડીલીવરી રૂમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
તારીખ ૧૯મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડહોસ્પિટલ, દાહોદ ખાતે આધુનિક ૬(છ) ડીલીવરી ટેબલ તથા નવજાત શિશુની તાત્કાલિક સારવાર માટે ઉપયોગી સાધનોથી સજ્જઅતિ અદ્યતન ડીલીવરી રૂમનું ઉદ્ઘાટન ઝાયડસ હોસ્પીટલના સી.ઈ.ઓ. પ્રોફ.(ડો)સંજય કુમાર, ડીન પ્રોફ.(ડો.)સી.બી. ત્રિપાઠી, મેડીકલ સુપરીન્ટેન્ડન્ટ ડો.ભરત હઠીલા, ગાયનેક વિભાગના વડા ડો.દિના શાહ, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, સીનીયર મેનેજર હેતલ રાવ તથા ગાયનેક વિભાગની ટીમ તથા અન્ય સ્ટાફ મેમ્બર્સની ઉપસ્થિતીમાં અદ્યતન ડીલીવરી રૂમનું ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. ગાયનેક વિભાગના નવા ૬(છ) ટેબલ વધવાથી હવે કુલ ૧૧ ટેબલની સુવિધા પ્રાપ્ત થશે જુના ૫(પાંચ) ટેબલ નો સેપ્ટિક લેબર ટેબલ તરીખે વાપરવામાં આવશે અને નવા ટેબલ કલીન લેબર ટેબલ તરીકે વપરાશે જેનાથી સગર્ભ માતાઓને સ્વચ્છતા સાથે સઘન સારવાર મળશે આ રીતે સરકારનો તંદુરસ્ત માતા અને તંદુરસ્ત બાળકએ વિચાર સાર્થક થશે. દાહોદ જીલ્લા તથા આજુ બાજુના વિસ્તારમાંથી રીફર થતા અને ગુંચવણ ભરેલા કેસીસ ને અહિયાં સઘન સારવાર મળી રેહશે. જેઓને આ સુવિધા આશીર્વાદ રૂપ થશે.

## સંજેલી ખાતેના નિવૃત શિક્ષક ચંદુભાઈ પ્રજાપતિ લિખિત પુસ્તક પૂજ્ય મોરારીબાપુને ભેટ આપ્યુ



સંજેલી,
સંજેલી ખાતેના વતની નિવૃત શિક્ષક કવિ ચંદુભાઈ પ્રજાપતિએ શહેર ખાતે યોજાયેલા ચિત્રકૂટ એવોર્ડ સન્માન સમારોહમાં હાજરી આપી હતી. તે વેળાએ ચંદુભાઈ પ્રજાપતિ (અચરજ) લિખિત સેવકના શબ્દસુમન પુસ્તક પૂજ્ય મોરારી બાપુને મળી આશીર્વાદ પ્રાપ્ત કરી પુસ્તક સપ્રેમ ભેટ અર્પણ કર્યું હતું. જેમાં કવિ પૂજ્ય મોરારી બાપુના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. પરિવારમાં પણ ખુશીના અરમાનો જોવા મળ્યા હતા. ચંદુભાઈ પ્રજાપતિએ થોડા વર્ષો પહેલા પુસ્તક લખ્યું હતું હતું અને ગ્રામજનોની હાજરીમાં પુસ્તક વિમોચન કરવામા આવ્યું હતું. ત્યારે તેઓને પૂજ્ય મોરારી બાપુ સાથે મળવાનો રૂઢો અવસર પ્રાપ્ત થયો અને સ્વંય લિખિત પુસ્તક ભેટ આપ્યું હતું.

## ગરબાડા પોલીસ મથકે ASP જગદીશ બાગરવાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો



ગરબાડા,
ગુજરાતના રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા વગર લાયસન્સ એ નાણા ધીરનાર અને લિમિટ કરતાં વધુ વ્યાજ લઈ ત્રાસ આપી લોકોના અપમૃત્યુનું કારણ બનનાર લોકો ઉપર કાર્યવાહી કરવાની સૂચના આપી છે. ત્યારે પોલીસ પ્રશાસન હવે લાઈસન્સ વગર વ્યાજે ધંધો કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. ત્યારે ગરબાડા પોલીસ મથકે દાહોદ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક જગદીશ બાગરવાની અદ્યક્ષતામાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક દરબાર કાર્યક્રમમાં દાહોદના પોલીસ મથકના પી.એસ.આઈ પટેલ ઉપસ્થિતિમાં લોકદરબાર યોજાયો. આ લોક દરબારમાં ગેરકાયદેસર લાઈસન્સ વગર ઉંચા વ્યાજ વસૂલ કરતા વ્યાજખોરોની માહિતી એકત્રિત કરી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. સરપંચો, આગેવાનોને આવી ગેરકાયદેસર વ્યાજનો ધંધો કરતા લોકોને આવી પ્રવ્રુત્તિઓ અટકાવવા આહ્વાન કર્યું હતું. આ લોક દરબાર કાર્યક્રમમાં ટ્રાફિક સુરક્ષા સપ્તાહ અંતર્ગત ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને માહિતી ૧૮ વર્ષના થી નીચેની વયના છોકરાઓને માહિતગાર કરવા સૂચન કર્યું હતું. લોક દરબાર કાર્યક્રમમાં આજુબાજુ વિસ્તારના સરપંચો તાલુકા સભ્ય સહિત વેપારીઓ અને ગામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મોડેલ ડે સ્કુલ વજેલાવના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ITI દાહોદની મુલાકાત લીધી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામની મૉડેલ ડે સ્કૂલમાં કાર્યરત ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને એસએસએ ગાંધીનગર દ્વારા વોકેશનલ ટ્રેનિંગ અંતર્ગત ઓટોમેટિવ ટ્રેડ ચાલે છે. આ ટ્રેડના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહે તે માટે શાળાના આચાર્ય સુરેશભાઈ મેડાના માર્ગદર્શન હેઠળ ટ્રેનર હાર્દિકકુમાર દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને આઈટીઆઈ દાહોદના અલગ અલગ ટ્રેડ જેવા કે ડીઝલ મેકેનિકલ, સીવણ, કોમ્પ્યુટર, ફીટર વિગેરે અલગ અલગ સાધનોના ભાગો બતાવી તેમણે માહિતગાર કરવામાં આવ્યા હતા. ધોરણ ૧૦ અને ૧૨ પછી શું તે બાબતે, એક અને બે વર્ષના કોષે કરવા પછી ક્યાં ક્યાં જોબ મળે અને કેવા પ્રકારના ધંધા ઉદ્યોગો કરી શકાય અને આઈટીઆઈ કર્યા પછી વિદ્યાર્થીઓનું ભવિષ્ય કેવું રહેશે તે અંગેની ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને વિગતવાર સમજ આપવામાં આવી આ પ્રસંગે શિક્ષક વિશાલ નંદાનીયા હાજર રહ્યા હતા.

## ગુરૂકુલ વિદ્યાલય છાપરી દાહોદમાં યોજાયો એન્યુલ ઈન્ટર કલાસ કરાટે ટૂર્નામેન્ટ ૨૦૨૩



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
તારીખ ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ શાળામાં ઈન્ટર ક્લાસ કરાટે ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ કેટેગરી વોઈસ વિજેતા બન્યા હતા. તેમને ગોલ્ડ સિલ્વર અને બ્રોન્સ મેડલ અને સર્ટિફિકેટ આપી શાળા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ચીફ રેફ્રી ડો.નીઝામુદ્દીન કાઝી, શાળાના M.D પૂજાબેન જૈન શાળાના આચાર્ય ગુંજનકુમાર ભાટિયા અને શાળાના કરાટે કોચ ઉમેશભાઈ મહાવર તેમજ શાળાના સ્ટાફ મિત્રો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લીમખેડાના રાવળી ફ.ચીલાકોટાના નશો કરી શાળામાં આવતા શિક્ષકને સસ્પેન્ડ કરાયો



દાહોદ,
પ્રાથમિક શાળાના શિક્ષક નશો કરી ફરજ પર આવતા હોવાની ફરિયાદ મળતાં બાળકોના શિક્ષણના હિતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, દાહોદ દ્વારા મજકૂર કર્મચારીને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરાયા.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, લીમખેડાના તા.૦૯/૦૧/૨૦૨૩ના અહેવાલ તથા S.M.C સભ્યઓ, આચાર્ય રવાળી ફ. ચીલાકોટા પ્રા.શાળા, ચીલાકોટા પગારકેન્દ્રના આચાર્યના તા.૧૮/૦૧/૨૦૨૩ના લેખિત નિવેદન મુજબ રવાળી ફ.ચીલાકોટા પ્રા.શાળા તા.લીમખેડામાં આ.શિ તરીકે ફરજ બજવતાં મજકૂર કર્મચારી ડામોર રાકેશકુમાર મનુભાઈ શાળામાં નશો કરી આવતાં હોઈ અશોભનીય વર્તન કરતાં હોવાની કેફિયત રજૂ કરી તેના સમર્થનના ભાગરૂપે વીડીયો રેકોર્ડિંગ અંગેની કલીપો પણ રજૂ કરેલ છે. જેથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મયુર.એસ.પારેખ દ્વારા વધુ ગહન તપાસ અર્થે તાત્કાલિક અસરથી મજકૂરને તા.૧૯/૦૧/૨૦૨૩ના કચેરી સમયબાદ ફરજ મોકૂફી હેઠળ તાલુકા પંચાયત કચેરી, ફતેપુરા ખાતે હેડકવાર્ટર નક્કી કરેલ છે.

## ગરબાડાના નવાફળીયાના ખેતરમાં ઘઉં સાચવા ગયેલ ૬૦ વર્ષીય વૃધ્ધે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાનાં નવા ફળિયા ગામે પોતાના નાકાવાળા ખેતરમાં ઘંઉની દેખરેખ માટે ગયેલા ૬૦ વર્ષીય વૃદ્ધ ખેતરનાકોઢા પર આવેલા બોરના ઝાડની નીચે મરણ ગયેલ હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

ગરબાડા તાલુકાના નવા ફળિયા ગામે મોહણીયા ફળિયામાં રહેતા આશરે પ્રેમચંદભાઈ નેમાભાઈ મોહનીયા ગઈકાલે બપોરના ત્રણ વાગ્યાના સુમારે પોતના નાકાવાળા ખેતરમાં ઘંઉની દેખરેખ માટે ગયા હતા. અને સાંજે પાંચ વાગ્યાના સુમારે ઘરે પરત ન જતા ઘરવાળાઓએ તપાસ કરતાં પોતાના નાકાવાળા ખેતરમાં શેઢા પર આવેલા બોરાના ઝાડ નીચેથી પ્રેમચંભાઈ નેમાભાઈ મોહણીયા મરણ ગયેલ હાલતમાં મળી આવતાં સદર ઘટના અંગેની જાણ નવા ફળિયા ગામના મોહણીયા ફળિયામાં રહેતા કૈલાશભાઈ પ્રેમચંદભાઈ માહેણીયાએ ગરબાડા પોલીસને કરતા ગરબાડા પોલીસે ઘટના સ્થળે પહોચી મૃતક પ્રેમચંદભાઈની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે ગરબાડા સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે સીઆરપીસી ૧૭૪ મુજબ ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના નવાફળિયાના આધેડનો મૃતદેહ મળ્યો

ગરબાડા,
ગરબાડા તાલુકાના નવા ફળિયા ખાતે રહેતા ૬૦ વર્ષીય પ્રેમચંદભાઈ નેમાભાઈ મોહણીયા ગત તારીખ ૧૮ જાન્યુઆરીના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સમયે ઘરેથી પોતાના નાકાવાળા ખેતરમાં ઘઉંની દેખરેખ માટે ગયા હતા અને સાંજ સુધી તેઓ ઘરે જ પરત ન ફરતા તેઓના પરિવારના લોકો દ્વારા તેમની શોધ ખોળ હાથ ધરવામાં આવી હતી. તેઓની શોધ કરતા પ્રેમચંદભાઈ નેમાભાઈ મોહનિયા મૃત હાલતમાં તેઓના ખેતરના સેડા ઉપર બોરના ઝાડની નીચે મળી આવતા કૈલાશભાઈ પ્રેમચંદભાઈ મોણીયા દ્વારા ગરબાડા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસ દ્વારા મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે નવા ફળિયા સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.128

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પાવાગઢ ખાતે રાજ્યકક્ષાની તૃતીય આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ

- રાજ્યભરના ૧૯ થી ૩૫ વર્ષના કુલ ૩૧૩ સ્પર્ધકોએ લીધો ભાગ, કુલ ૨૨૦૦ પગથિયાં પર સ્પર્ધકોએ કર્યું આરોહણઅવરોહણ.
- પ્રથમ ક્રમાંક વિજેતાઓને રૂ.૨૫૦૦૦ સહિત બંને કેટેગરીમાં વિજેતા ૧ થી ૧૦ સ્પર્ધકોને રૂ.૨,૩૪,૦૦૦/ E-Pay દ્વારા ચૂકવાશે.
- પ્રધાનમંત્રીનું વિઝન છે કે દેશના યુવાનો રમતગમત ક્ષેત્રે આગળ વધે તો આપણે સૌકોઈએ આ દિશામાં આગળ વધવું જોઈએ : ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ.





ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના યુવક, યુવતીઓનો સર્વાંગી વિકાસ થાય તથા તેઓની શકિતઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦થી રાજ્યના ચાર પ્રસિધ્ધ પર્વતો પર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન કરાય છે.જેના અનુસંધાને ગુજરાત સરકારના રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર પંચમહાલના સંયુક્ત ઉપક્રમે આજરોજ પાવાગઢ ખાતે રાજ્યકક્ષાની તૃતીય આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ જિલ્લાઓના કુલ ૩૧૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૯ થી ૩૫ વર્ષના કુલ ૨૫૬ યુવાનો અને ૫૭ યુવતીઓએ ભાગ લીધો હતો. જેઓએ પાવાગઢ માંચીથી શરૂ કરી દુધીયા તળાવ સુધી ૨૨૦૦થી વધુ પગથિયાં પર આરોહણ-અવરોહણ કર્યું હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ અને પ્રાંત અધિકારી હાલોલ દ્વારા ફ્લેગ ઑફ કરીને સ્પર્ધાને ખુલ્લી મુકવામાં આવી હતી.

આ સ્પર્ધામાં વિજેતા ભાઈઓ તથા બહેનોને ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા સહિત વિવિધ અધિકારીગણ/મહાનુભાવો હસ્તક પ્રમાણપત્ર અને E-Pay દ્વારા ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં ભાઈઓની કેટેગરી અંતર્ગત પંચમહાલના શહેરા તાલુકાના કવાલી ગામના અશ્વિન ડિંડોર કે જેઓએ ગત વર્ષના રેકોર્ડને બ્રેક કરી ૨૮ મિનિટ ૩૦ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. જ્યારે બહેનોની કેટેગરીમાં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના સુર્યાગામના સીતાબેન ચાવેલે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. બંને સ્પર્ધકોએ ૨૫-૨૫ હજારનું ઈનામ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું હતું. આ બંને કેટેગરીમાં વિજેતા ૧ થી ૧૦ ભાઈઓ અને ૧ થી ૧૦ બહેનોને કુલ રૂ. ૨,૩૪,૦૦૦ના ઈનામ E-Pay દ્વારા તેઓના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. હવે પછી આ સ્પર્ધકો ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન ગિરનાર મુકામે યોજાનાર રાષ્ટ્રકક્ષાની આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખએ જણાવ્યું હતું કે સ્વસ્થ શરીર અને યોગ્ય આહાર દ્વારા શારીરિક રીતે તંદુરસ્ત બની સર્વાંગી વિકાસ થકી સશક્ત રાષ્ટ્ર તરફ પ્રયાણ કરવું જોઈએ.

આ પ્રસંગે ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણે પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૦૦ વર્ષ પછી પાવાગઢ ખાતે ધ્વજારોહણ કર્યું અને આજે પવિત્ર પાવાગઢની ધરતી પર ત્રીજા આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ તે ગૌરવ સમાન બાબત છે. પ્રધાનમંત્રીનું વિઝન છે કે, દેશના યુવાનો રમતગમત ક્ષેત્રે આગળ વધે તો આપણે સૌ કોઈએ આ દિશામાં આગળ વધવાની જરૂર છે. આ સાથે તેમણે વિજેતા સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ વેળાએ જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજેશ પારગી દ્વારા પ્રાસંગિક સ્વાગત ઉદબોધન તથા પી.એસ. પરમાર દ્વારા આભારવિધિ રજૂ કરાઈ હતી.

આજના આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, પ્રાંત અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, રમતગમત અધિકારી, વિવિધ કોચ, પાવાગઢ ટ્રસ્ટી મંડળના સભ્યઓ/મહાનુભાવો સહિત સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલ તાલુકાના નાંદરખા, ચીમનાપુરા, વેજલપુર ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજપુરવઠો આપવા ગોધરા ગ્રામ્ય MGVCLને આવેદન



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાના નાંદરખા, ચીમનાપુરા, વેજલપુર ગામના ખેડુતોને સૂર્યોદય યોજના હેઠળ દિવસ દરમિયાન વીજ પુરવઠો ન મળતાં ખેડુતો દ્વારા ગોધરા ગ્રામ્ય વિભાગ એમ.જી.વી.સી.એલ.ને આવેદન આપી દિવસે વીજ પુરવઠો આપવા માંગ કરાઈ છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જુનાગઢ ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનું નામ દિનકર યોજના હતું પરંતુ ત્યારબાદ યોજનાનું નામ બદલીને કિસાન સૂર્યોદય યોજના રાખવામાં આવ્યું હતું. યોજનાનું નામ બદલવા માટેનું કારણ જણાવાયું હતું કે, કિસાન સૂર્યોદય યોજના વધુ સારું છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડુતોને દિવસ દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવશે. જેથી ખેડુતોને રાત્રીના સમયે ઉજાગરા નહિ કરવા પડે તેવા ખુલાસો કરવામાં આવ્યો હતો. ધરતીપુત્રો પાકને બાળકની જેમ જતન કરી ઉછેરતા હોય છે અને પાકનો સારો ઉછેર કરી સારું ઉત્પાદન લેવા માટે ખેડુતો શિયાળાની ઠંડી હોય કે ઉનાળો હોય કે ચોમાસામાં બધું સહન કરી ખેડુતો પાકને ઉછેર કરતા હોય છે. તેમાં પણ વીજ કંપની દ્વારા ખેતીની વીજળી રાત્રીના સમયે આપતી હોવાથી ખેડુતોને જીવજંતુના ડર સાથે પણ રાત્રીના સમયે પાણી વાળવા માટે ખેતરોમાં ઉજાગરા કરતા હોય છે. સરકાર દ્વારા કિસાન સૂર્યોદય યોજના થકી ખેડુતોને દિવસે વીજ પુરવઠો આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો. તેની અમલવારી થઈ નથી. કાલોલ તાલુકાના નાંદરખા, ચીમનાપુરા, વેજલપુર પંથકના ખેડુતોને દિવસે ખેતી વિષયક વીજ પુરવઠો નહિ મળતાં શિયાળાની ઠંડીમાં ખેતરોમાં ઉજાગરા કરવા પડતા હોય છે. કાલોલ તાલુકાના ખેડુતો દ્વારા કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજ પુરવઠો આપવામાં આવે તેવી માંગ સાથે ગોધરા ગ્રામ્ય વિભાગ એમ.જી.વી.સી.એલ.ને આવેદન આપવામાં આવ્યું.

## શહેરા તાલુકાના રેણા ખાતે જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામ સભા યોજાઈ




શહેરા,

શહેરા તાલુકાના રેણા ખાતે કલેકટરની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઈ હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાત્રિ ગ્રામ સભા રાખવામાં આવવા સાથે પુરવઠા, પાણી, શિક્ષણ, રસ્તા, વૃધ્ધ પેન્શન સહિત અનેક પ્રશ્નોનું સ્થળ પર નિકાલ કરવામાં આવ્યા હતા.

શહેરા તાલુકાના રેણા પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં રાત્રિ સભા યોજાઈ હતી. ગ્રામસભામાં રેણા અને આજુબાજુના ગામના લોકો મોટી સંખ્યામાં જોડાયા અને યોજનાકીય બાબતો અને પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ હતી. આ સાથે સ્થળ પર જ વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. ગ્રામસભાએ સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. લોકોના દ્વારે પ્રજાના પ્રશ્નો સાંભળવા અને મુશ્કેલીઓ દૂર કરવા રાત્રી અને દિવસીય ગ્રામસભાઓ યોજવામાં આવે છે. આ સભામાં જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા,જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પ્રાંત અધિકારી શહેરા, મામલતદાર, ગામના સરપંચ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. આ તમામ અધિકારીઓએ તેમના વિભાગને લગતી યોજનાઓની માહિતી લોકોને આપી હતી. કલેક્ટર દ્વારા ગ્રામ લોકો સાથે સંવાદ સાધી પુરવઠા, પાણી, શિક્ષણ, રસ્તા, વૃધ્ધ પેન્શન, બસ સ્ટેશન, ખેતી, ખેતીમાં નુકસાન કરતા જંગલી પ્રાણીઓ વગેરે જેવા પ્રશ્નોનું સ્થળ ખાતે નિરાકરણ લાવવા સબંધિતોને સૂચનાઓ આપી હતી. આ સાથે સરકારની ચાલતી વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કર્યા હતા. રાત્રી ગ્રામસભામાં જિલ્લા કલેકટરએ ગ્રામજનોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કેન્દ્ર-રાજ્ય સરકાર લોકોની સંતૃપ્તી અને માનવ સૂચકઆંક વધારવા માટે વિવિધ યોજનાઓ થકી ઘણા પ્રયત્નો કરે છે. પણ ક્યાંક જાગૃતતાના અભાવે પૂરતી માહિતી ન હોવાના કારણે યોજનાઓ લોકો સુધી પહોંચતી નથી કે લોકો તેનો પુરતો લાભ ઉઠાવી શકતા નથી. જ્યારે જ્યારે ગ્રામ્ય-તાલુકા-જિલ્લા લેવલનું વહીવટીતંત્ર આપના ગામે પહોંચે ત્યારે પહોંચેલા તંત્ર સુધી તમે લોકો પહોંચો જેથી કરીને પ્રજા કલ્યાણની યોજનાઓથી તમે વિમુખ ન રહો, તેમણે ઉપસ્થિતોને તમામ પ્રકારની મદદ માટે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

## શહેરા તાલુકા પંચાયત સભાખંડ ખાતે પોલીસ દ્વારા મહિલા રોજગારીને અનુલક્ષી કાર્યક્રમ યોજયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા વિકાસ કચેરી સભાખંડમાં પંચમહાલ જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા મહિલા રોજગારને અનુલક્ષીને એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૨૫ જેટલી મહિલાઓ ઉપસ્થિત રહી હતી. જેમાં મુખ્યત્વે પાનમ મહિલા સંગઠન-આનંદી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ સાથે કાનૂની શિક્ષણ જાગૃતિ અને સ્વરોજગાર વ્યવસાયલક્ષી યોજનાકીય જાગૃતિ નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શહેરા તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડાએ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું અને મહિલાઓ ક્યાંથી રોજગાર મેળવી શકે તે અંગેની માહિતી આપવામાં આવી હતી. શહેરા પો.સ.ઈ એસ.એમ.ડામોર દ્વારા પણ પ્રસંગને અનુરૂપ ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. અંતમાં આનંદી સંસ્થાના મહિલા યુવતી સલામતી કાર્યક્રમ કો.ઓર્ડીનેટર રોશની સાધુ દ્વારા પણ વિવિધ મહિલાલક્ષી રોજગાર તાલીમ થકી મહિલાઓ ઘર આંગણે રોજગાર થકી આર્થિક રીતે પગભર થવા માટે માર્ગદર્શીત કર્યા હતા. પોલીસ વિભાગ દ્વારા ગામોમાં થતા ગેરકાયદેસર અસામાજિક કામો અને તેમાં મહિલાઓની સંડોવણી થાય ત્યારે થતા પ્રશ્નો વિશે વાત કરવામાં આવી હતી. જ્યારે તાલુકા વિકાસ અધિકારી દ્વારા પણ મિશન મંગલમ પ્રવૃત્તિઓ, બચત અને ધિરાણની પ્રવૃત્તિઓ, સ્વરોજગાર અને વ્યવસાયલક્ષી તાલીમની યોજનાઓ તથા કચેરીઓમાં જાતીય સતામણી થાય ત્યારે જાગૃત બનીને કોઈપણ વ્યક્તિ સામે કાનૂનનો સહારો લેવાની માહિતી બહેનોને આપી હતી.

## ગોધરાના ખાડી ફળીયા વિસ્તારના તળાવ માંથી ૪ વર્ષીય બાળકીનો મૃતદેહ મળ્યો




ગોધરા,

ગોધરાના ખાડી ફળીયા વિસ્તારમાં આવેલ તળાવ માંથીછ ૪ વર્ષીય બાળકીનો મૃતદેહ મળી આવ્યો ગત સપ્તાહે એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે આજે મળેલ બાળકી તેનું સંતાન હોવાનું સામે આવ્યું. તળાવ માંથી બાળકીના મૃતદેહ મળતા બી ડીવીઝન પોલીસે ઘટના સ્થળે દોડી આવી મૃતદેહને પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના ખાડી ફળીયા વિસ્તારમાં આવેલ તળાવ માંથી ૪ વર્ષીય બાળકીનો મૃતદેહ મળી આવતાં આ બાબતે બી ડીવીઝન પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે દોડી આવી હતી. આ વિસ્તાર માંથી ગત સપ્તાહે એક મહિલાનો મૃતદેહ પણ મળી આવ્યો હતો. જ્યારે આજે બાળકીનો મૃતદેહ મળતાં સામે આવ્યું કે, મરણ ગયેલ મહિલાનું સંતાન હતું. મૃતક મહિલાના તપાસમાં દાહોદ જીલ્લાના કાળીતળાઈ પંથકની હોવાનું સામે આવ્યું હતું. મૃતક મહિલા તેના સંતાન સાથે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પેટીયું રડવા ફરતી હતી. આજે જ્યારે બાળકીનો મૃતદેહ તળાવ માંથી મળી આવ્યો છે. ત્યારે માતા-પુત્રીએ તળાવમાં કેમ ઝંપલાવીને આપઘાત કર્યો હશે તેની જાણ તો મૃતકના સ્વજન મળે ત્યારે બહાર આવશે પરંતુ બી ડીવીઝન પોલીસે મૃતક બાળકીના મૃતદેહને પી.એમ.માટે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો છે.

## શહેરા પાલિકા દ્વારા દબાણ હટાવો ઝુંબેશ ચાલુ રાખી આજે પણ દબાણો દુર કર્યા



શહેરા,

શહેરા નગરમાં છેલ્લા ૧૦ દિવસ ઉપરાંતથી પાલિકા દ્વારા દબાણ હટાવ કામગીરી શરૂ છે. જ્યારે ગુરૂવારે પણ અડચણરૂપ દબાણો દૂર કરીને પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરા નગરમાં છેલ્લા ૧૦ દિવસ ઉપરાંતથી નગરપાલિકા દ્વારા દબાણ હટાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. નગર પાલિકાના ઈજનેર જીગ્નેશભાઈ શાહ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ સહિત પાલિકાના સ્ટાફ દ્વારા ગુરૂવારે પણ બજાર માંથી બસ સ્ટેશન તરફ જવાના માર્ગ ઉપર તેમજ અન્ય વિસ્તારમાં અડચણરૂપ દબાણ દૂર કરવાની કામગીરી કરતા જોવા મળી રહયા હતા. દબાણ હટાવ કામગીરી દરમિયાન નગરપાલિકા દ્વારા કેટલીક શાકભાજીની લારીઓ તેમજ અડચણરૂપ થતી છત્તો પણ કબ્જે લેવામાં આવી હતી અને નગરપાલિકાની ટીમે લારી ગલ્લા થકી ધંધો કરતા વેપારીઓને પાલિકા દ્વારા ફાળવવામાં આવેલી જગ્યાએ જઈ ધંધો કરવા સુચના આપવામાં આવી હતી. નગર પાલિકાએ માર્ગ ઉપર અડચણરૂપ થતાં હાથલારી સહિત ના ૧૦૦ ઉપરાંત દબાણો દૂર કરવા સહિત કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

## જૂનાગઢના દાતાર રોડ વિસ્તારની ગુમ થયેલી મહિલાનુ ગોધરા સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે તેના પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન



ગોધરા,

એક જાગૃત નાગરિક દ્વારા તા.૧૬ જાન્યુઆરીના રોજ રાત્રીના૯:૩૦ કલાકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન નંબર પર ફોન કરી જણાવ્યું હતું કે, પાંજરાપોળ એક અજાણી મહિલા આંટા ફેરા કરે છે. જે ફોનના આધારે અભયમની ટીમ સ્થળ ઉપર પહોંચી આ મહિલાનુ રેસ્ક્યુ કરી ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે આવેલા આશાદીપ ફાઉન્ડેશન સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સોંપવામાં આવી હતી. ત્યાર બાદ સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક અને સ્ટાફ દ્વારા મહિલાનુ સતત કાઉન્સેલીંગ કરતા આ મહિલા જૂનાગઢ જિલ્લાના દાતાર રોડ વિસ્તારની હોવાનું જણાવ્યું હતું. ત્યારે જૂનાગઢ સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરીને આ મહિલાની વિગતો આપવામાં આવી હતી. જૂનાગઢ સખી વન સ્ટોપની ટીમે તેમના પરિવારનો સંપર્ક કરતા આજરોજ આ મહિલાના દીકરા સાબિરભાઈ પઠાણ ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે આવેલા સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મહિલાને લેવા માટે આવ્યા હતા. જયારે મહિલાને સહીસલામત જોઈ પરીવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ પરિવારજનોએ સખી વન સ્ટોપ સેન્ટરની ટીમનો આભાર માન્યો હતો.

## શહેરાના લક્ષ્મણપુરા પત્નીની હત્યાના ગુન્હામાં આરોપીને આજીવન કેદ અને દંડની સજા ફટકારતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાના લક્ષ્મણપુરા ગામે ૨૦૧૭ના વર્ષમાં આરોપીએ પત્નીની કુહાડીના ઘા ઝીંકીને હત્યા કરી હતી અને શહેરા પોલીસ મથકે નોંધાયેલ હત્યાના ગુન્હાનો કેસ પંચમહાલ છઠ્ઠા એડી.સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં કોર્ટ દ્વારા આરોપીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી.

શહેરા તાલુકાના લક્ષ્મણપુરા ગામે ૨૦૧૭ના વર્ષમાં આરોપી શૈલેષ અભેસિંગ બારીયા જે કામ ધંધો કરતો ન હોવાના કારણે મરણ જનાર પત્ની શકુંતલાબેન કામ ધંધો કરવાનં કહેતા ઝગડો તકરાર કરતો હતો. ૧૮/૧૦/૨૦૧૭ના રોજ આરોપી શૈલેષ બારીયા અને પત્ની શકુંતલાબેન વચ્ચે ઝગડો થતાં આરોપીને કુહાડી વડે માથાના તથા ગળાના ભાગે ઘા મારીને હત્યા કરી હતી. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ પંચમહાલ જીલ્લાના છઠ્ઠા એડી.સેશન્સ જજ ઈ.એમ.શેખની કોર્ટમાં ચાલી જતાં રેકર્ડ પુરાવા અને મદદનીશ સરકારી વકીલ આર.વાય.ત્રિપાઠીની દલીલોને સાંભળીને આરોપી શૈલેષ અભેસીંગ બારીયાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા તથા ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો. હત્યાના ગુન્હામાં આરોપીને આજીવન કેદની સજા ફટકારતા ગુન્હા આચરતા આરોપીઓમાં ફફડાટ વ્યાજી જવા પામ્યો.



**શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ ગોધરા ખાતે ૨૦૨૨-૨૩ માં પ્રવેશ પામેલા કુલ -૧૯૯ પીએચ.ડી. શોધાર્થીઓ નો તા.૦૨/૦૧/૨૦૨૩ કોર્ષ વર્ક ચાલી રહ્યો હતો. જેનો સમાપન સમારોહ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહજી ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં દરેક વિષયના કો ઓર્ડીનેટરઓ હાજર રહ્યા હતા. દરેક શોધાર્થીઓને કોર્ષ વર્કના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજશાસ્ત્રના કો.ઓર્ડીનેટર ડો. કામિનીબેન દસુરા દ્વારા કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અનિલભાઈ સોલંકી દ્વારા પીએચ.ડી કોર્ષ વર્ક કાર્યક્રમમાં સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.**

## બોટાદમાં દેવી પૂજક સમાજની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ આચરી હત્યા કરનાર આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ સાથે ગોધરા દેવીપૂજક સમાજે આવેદન આપ્યું



ગોધરા,

ગુજરાતના બોટાદ ગામે દેવીપૂજક સમાજની બાળકી પતંગ લુંટવા ગઈ હતી. ત્યારે નરાધમ ઈસમે માસૂમ બાળકીને પીંખી નાખી હત્યા નિપજાવી હોય તેવા આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ સાથે ગોધરા દેવીપૂજક સમાજ દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું.

બોટાદ શહેરમાં રહેતી દેવીપૂજક સમાજની ૯ વર્ષીય બાળકી ૧૫ જાન્યુઆરીના રોજ પતંગ લુંટવા ગઈ હતી. ત્યારે આરોપી રાજેશ દેવસંગભાઈ ચૌહાણ આઈ.ડી.આઈ. પાછળ ફુલવાડી વિસ્તારમાં ખંડેરમાં લઈ જઈ માસૂમ બાળકી સાથે દુષ્કર્મ આચરીને હત્યા કરી નાખી હતી. બોટાદ પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. ત્યારે આરોપીને ન્યાયીક સમય મર્યાદામાં કાર્યવાહી કરીને આરોપીને ફાંસીની સજા કરવામાં આવે તેવી માંગ સાથે ગોધરાના દેવીપૂજક સમાજ દ્વારા પંચમહાલ જીલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું.